			2. કાનનો એક રોગ	कान का एक रोग	a disease of the ear
બગાડ, બગાડો	बगाड, बगाडो	पु	1. નુકસાન, ખરાબી	नुकसान, बिगाड	loss, spoiling
			2. વિકાર, સડો	विकृति, खराबी	corruption
			3. અણબનાવ	अनबन	disagreement
			4. ભ્રષ્ટતા	भ्रष्टता	wickedness
બગાવત	बगावत	स्त्री	1. ચીવટ, નીઘા	सावधानी	caution, care
			2. બડ	हुल्लड – बगावत, क्रान्ति	revolt
બગાસુ	बगासु	न	ઊઘ ભરાતા કે કટાળાને લીધે દીર્ઘશ્વાસ લેતા મો ફાડવુ તે	नींद या आलस्य के कारण दीर्घ प्रश्वास से मुँह फाडना, जम्हाई	yawn
બગી	बगी	स्त्री	1. એક જાતની ઘોડાગાડી	एक प्रकार की घोडा-गाडी, बग्घी	buggy

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 નજર	नजर	sight
			3 ઉચ્ચારનુ સ્થાન, મો	उच्चारण का स्थान, मुँह	mouth
બગીચો	बगीचो	पु	બાગ	बाग	garden
બગુ	बगु	न	1 જુઓ 'બખુ', બાકુ	देखिए 'બખુ', 'બાકુ'	see 'બખુ', 'બાકુ'
			2 દીવાલમા પડેલુ બાકુ	दीवार में हुआ छेद	hole in wall
બઘડાટી	बघडाटी	स्त्री	1 ઝમઝટ	मूसलाधार	continuous showers of rain
			2 દેકારો	मारो मारो का शोर	cry or shout of 'give', 'beat'
			3 ધમાલ	धमा चौकडी	commotion
			4 મારામાર	मारधाड	scuffle, broil
બચકાટવું	बचकाटवु	स क्रि	બચકે બચકે ખાવુ કે કરડવુ	टुकडे–टुकडे खाना अथवा काटना	to eat piecemeal, bite
બચકારવું	बचकारवु	स· क्रि·	વહાલનો 'બુચ્ચ' એવો અવાજ મોંથી કરવો, તેમ કરી લાડ લડાવવુ	प्रेम से 'बुच्च' ऐसी आवाज मुँह से करना, पुचकारना	to fondle or coax by making sound with lips
બચકારો	बचकारो	पु·	બચબચ અવાજ (ખાતા કે ધાવતા થતો)	चमड–चमड (खाते हुए या स्तन पान करते हुए समय की आवाज)	sound made (by some people) while eating
બચકુ	बचकु	न·	1 કરડવુ તે, ડાકુ	काटना	to bite
			2 બચકામા માય એટલો ટૂકડો	दाँतों से काटने में समा सके इतना टुकडा	small piece (of bread)
			3 પોટકુ	गठरी	small bundle
બચકો	बचको	पु	મોટી બચકી, પોટલુ	बकुचा, बडी गठरी	big bundle
બચત	बचत	वि	બચેલુ–વધેલુ	बचा हुआ	surplus
		स्त्री·	1 બચેલુ-વધેલુ તે	बाकी बची हुई चीज	that which has remained

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 બચાવેલી રકમ	बचाई हुई रकम	saving
બચતખાતુ	बचतखातु	न॰	બચત પૈસાનુ ખાતુ	बचत जमा करने का बहीखाता, बचतखाता	savings account
બચપણ	बचपण	न	બાળપણ	बचपन	childhood
બચરવાળ	बचरवाळ	वि	છોકરાછૈયાવાળુ, વસ્તારી	बाल बच्चे वाला, बच्चे कच्चे वाला	having many children
બચવુ	बचवु	अ क्रि	1 ઊગરવુ 2 વધવુ, સિલક રહેવી	बचना खर्च में बाकी रहना	to survive to be saved, to be spared
બચાઇ	बचाई	स्त्री	બચત, ઉગારો	उगरना, बचना	savings
બચાઉ	बचाउ	वि	બચત કરનારુ	बचत करने वाला	saving
બચારું	बचारु	वि॰	જુઓ 'બીચારુ'	देखिए 'બીચારુ'	see 'બીચારુ'
બચાવ	बचाव	पु	1 સરક્ષણ	रक्षा	protection, defence
			2 ઉગારો, બચત	बचाव, बची हुई रकम	escape, saving
બચાવપક્ષ	बचावपक्ष	पु	બચાવ કરનારો પક્ષ, પ્રતિવાદીનો પક્ષ	बचाव करने वाला पक्ष, अभियुक्त पक्ष	defendent
બચાવવુ	बचाववु	स क्रि	'બચવુ' નુ પ્રેરક	'બચવુ' का प्रेरक रूप	caus of 'બચવુ'
બચી	बची	स्त्री	ચુબન	चुबन	kiss
બચોળિયુ	बचोळियु	न	નાનુ બાળક	छोटा बच्चा	child
બચ્ચાકચ્ચા	बच्चाकच्चा	न॰	નાના છૈયા છોકરા, નાના છોકરા	छोटे बच्चे कच्चे	small children, kids
બચ્ચી	बच्ची	स्त्री	જુઓ 'બચી'	देखिए 'બચી'	see 'બચી'
બચ્ચુ	बच्चु	न॰	બાળક (પ્રાયઃ પશુનુ)	बच्चा (प्राय पशु का)	young one

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બચ્છડ	बच्छड	वि·	બરછટ, ખરબચડુ	खुरदरा	coarse, rough
બજર	बजर	पु, स्त्री	તમાકુ, છીંકણી	तम्बाकू, नसवार	tobacco, snuff
બજરબટુ, બજરબટ્ટુ	बजरबटु, बजरबट्टु	न	1 પોયણીનુ ફળ	कमल का फल	fruit of lotus
			2 રીંછના મોંમા ઘાલીને કાઢી લીધેલો કાળો મણકો (બાળકને નજર ન લાગે માટે બાધવાનો)	भालू के मुँह में डाल कर निकाला हुआ काला मनका (बालक को बुरी नजर वालों से बचाने के लिए बाँधने का)	kind of black bead put into and taken out of bear's mouth (tied to child's neck to protect it from evil eye)
બજરગ, બજરગી	बजरग, बजरगी	पु·	હનુમાન	हनुमान	Hanuman
બજરિયુ	बजरियु	न	છીંકણીની ડાબલી	नसवार की डिबिया	snuff-box
બજવણી	बजवणी	स्त्री	અમલમા મૂકવુ—મુકાવુ તે	अमल करना-कराना	execution
બજવુ	बजवु	अ क्रि·	1 અમલમા આવવુ—મુકાવુ	कार्य में परिणत होना	to be executed, to be served
			2 વાગવુ (વાદ્યનુ, કલાકનુ)	बजना (वाद्य, घटा आदि)	to be played, to ring or to strike
બજવૈયો	बजवैयो	पु·	કુશળ વાદ્ય વગાડનારો	कुशल वादक	instrumentalist
બજાણિયો	बजाणियो	पु·	નટ, દોરડા ઉપર નાચનાર	रस्सी पर नाचनेवाला, नट	acrobat, rope-dancer
બજાર	बजार	पु	1 ચૌટુ, હાટ	हाट, बाजार	market place, bazar
			2 ગુજરી	साप्ताहिक बाजार, पैठ	weekly fair
			3 ભાવ, દર	भाव, दर	price
			4 ખપત, ખરીદ	खपत, माल की खरीद	consumption, buying
બજારભાવ	बजारभाव	पु	બજારમા ચાલતો ભાવ	बाजार में प्रवर्तमान भाव	market price

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બજારી	बजारी	वि	બજારનુ, —ને લગતુ	बाजार से सबधित	pertaining to or of market
બજારુ	बजारु	वि	1. બજારનુ, સાધારણ, હલકુ	बाजारू, मामूली, सस्ता	cheap, of inferior quality
			2. બજારમા ચાલતુ, ઊડતુ, સત્તાવાર નહિ એવુ	बाजार में फैलने वाली अविश्वसनीय अफवाहें	(of rumour) not authentic
		स्त्री	દુકાનદાર, વેશ્યા, બજારણ	दुकानदार, वेश्या	shop-keeper, prostitute
બજાવણી	बजावणी	स्त्री	જુઓ 'બજવણી'	देखिए 'બજવણી'	see 'બજવણી'
બજોટો	बजोटो	पु	લોટો	लोटा	small water-pot
બજોઠો	बजोठो	पु	હાથનુ એક ઘરેણુ	हाथ का एक गहना	kind of bracelet
બઝાડવું	बझाडवु	स क्रि	1. 'બાઝવુ' નુ પ્રેરક	'બાઝવુ' का प्रेरक रूप	caus of 'બાઝવુ'
			2. (લા) માથે નાખવુ, ગળે વળગાડવુ	(ला) गले मढना, सिर पर थोपना	to force (something) upon a person
બટક	बटक	वि	1. બરડ	जल्दी टूट जाए ऐसा, कनकना	brittle
			2. ખરાબોલુ, તીખુ, કડક	सत्यवक्ता, तीखा, कठोर	plain-speaker, sharp, biting
બટકણ, બટકણું	बटकण, बटकणु	वि	1. બરડ, બટકી જાય એવુ	जल्दी टूट जाए ऐसा, कनकना	brittle
			2. કરડકણુ	काटने वाला	biting
બટકબોલુ	बटकबोलु	वि	1. ટીખળ કરનાર, વિનોદી	हँसोड, विनोदी, मजाक करने वाला	jocular
			2. રોકડુ પરખાવી દેનારુ—કહી દેનારુ	मुँह पर दो–टूक जवाब देने वाला	one who does plain speaking
બટકવુ	बटकवु	अ·क्रि·	1. ભાગી જવુ	टूटना	to break
			2. ખરી જવુ	झड जाना	to fall down, to be shed

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બટકાવુ	बटकावु	अ· क्रि	1 ફસાઇ જવુ 2 ફુઙ ફુઙ ફાટી જવુ (કપડા માટે)	विदीर्ण होना, चर्र–चर्र फट जाना (कपडे के लिए)	to snap (of cloth) be torn
બટકી	बटकी	स्त्री	1 ઠીંગણી, ભરાવદાર સ્ત્રી 2 ચાકરડી, લૂડી 3 રખાત, વેશ્યા	बोनी और पट्ठी स्त्री नौकरानी, लौंडी रखैल, वेश्या	short and stout woman maid-servant keep, concubine
બટકુ	बटकु	न	1 બચકુ, ડાકુ 2 કડકો	दाँतों की काट टुकडा	bite piece
		वि·	ઠીંગણુ	बौना	short, dwarfish
બટણ	बटण	पु·	એક પક્ષી	एक पक्षी	kind of bird
બટન	बटन	न	1 બોરિયુ, બુતાન 2 વીજળી ચલાવવા દાબવાની બોરિયા જેવી કળ	बटन बिजली का बटन,-स्विच	button switch
બટમોગરો	बटमोगरो	पु	ઘણી પાખડીઓવાળો મોગરો	अनेक पखुडियों वाला मोतिया	kind of multi-petal jasmine
બટવો	बटवो	पु	1 વાટવો 2 બેઠા ઘાટનો લોટો	बटुआ छोटे आकार का लोटा	bag with folds kind of water-pot
બટહજારી	बटहजारी	स्त्री·	એક ફૂલઝાડ	एक फूल पौधा	kind of flower plant
બટા	बटा	न·	એક પછી	एक पक्षी	kind of bird
બટાઉ	बटाउ	वि·	1 ઉડાઉ 2 છેલ, રડીબાજ	उडाऊ छैला, रडीबाज	extravagant whoremonger
બટાકિયું	बटाकियु	न	1 એક જાતનુ ખોટુ મોતી 2 કેરીનુ એક અથાણુ	एक-प्रकार का बडा मोती कच्चे आम का अचार	kind of artificial pearl kind of mango pickle

ુજરાતી શબ્દ	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બટાકો, બટાટો	बटाको, बटाटो	पु	એક કંદ	आलू	potato
બટાવું	बटावु	अ क्रि·	ઘણો વખત પડી રહેવાથી વાસ મારવી—પાછુ વળવુ	ज्यादा देर तक पडे रहने से दुर्गंध (गंध) मारना	(of food) to go stale
બટેરું	बटेरु	न·	મોટુ કોડિયુ, શમપાતર	सकोरा	big earthen cup used as lamp
બટેરો	बटेरो	पु·	માટીનો મોટો વાડકો	मिट्टी का बडा सकोरा	big earthen bowl
બટ્ટો	बट्टो	पु	1 આળ, તહોમત	मिथ्या आरोप	accusation, charge
			2 ડાઘ, લાછન	दाग, बट्टा	stigma, stain
			3 શીશો (દારૂનો)	दारू की बोतल	bottle of liquor
બડઘા	बडघा	पु	મોલ કાપી લીધા બાદ રહેલા ઠૂઠા (કપાસ, તુવેર ઇ ના)	पाठा (कपास, इत्यादि के)	stubbles (left) after cutting cotton plants etc.)
બડઘો	बडघो	पु·	જાડો લઠ્ઠ માણસ	पट्ठा	fat, stout man
બડબડ	बडबड	स्त्री·,पु·	બકબક, લવલવ	बकवास	prattle, idle talk
બડબડવું	बडबडवु	अ·क्रि	1 બડબડવુ, બડબડ કરવુ	बडबडाना	to grumble
			2 અણગમાને કારણે મનમા ગણગણવુ	नाराजी के कारण मन में गुनगुनाना	to murmur
			3 વઢવુ	डॉटना	to scold
બડબડાટ	बडबडाट	पु	બડબડવુ તે, બડબડાટ	बडबडाहट	grumbling
બડભાગી	बडभागी	वि·	મહાભાગ્યશાળી, ભારે નસીબદાર	सौभाग्यवान, तकदीरवाला	very fortunate
બડમૂછો, બડમૂછિયો	बडमूछो, बडमूछियो	वि·, पु	મૂછો વગરનો	बिना मूँछ का आदमी	having no moustaches

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બડવુ	बडवु	न·	મિજાગરુ	वह पुरजा जिस से किवाड आदि चौखट से जोडने पर घूमते हैं	hinge
બડવો	बडवो	वि, पु	માથુ, મૂડાવેલો, કદરૂપો	सिरमुँडा, विरूप	having one's head shaved ugly
		पु·	1 જેને જનોઇ દેવામા આવતુ હોય તે છોકરો	वह लडका जिस का यज्ञोपवीत हो रहा हो	boy who is being invested with sacred thread
			2 છોલેલી શેરડી કે સાઠાનો કકડો	छीली हुई गडेरी	piece of peeled sugarcane
બડાઇ, બડાશ	बडाई, बडाश	स्त्री·	1 મોટાઇ 2 મગરૂરી	बडाई मगरूरी	greatness arrogance
બડી ફજર	बडी फजर	स्त्री	મળસકુ	प्रभातवेला	dawn
બડુ	बडु	वि	મોટુ, ભારે	बडा, भारी	big, heavy
બડુકો	बडुको	पु	કઠણ વસ્તુ ભાગતા કે ચાવતા થતો અવાજ	कडी चीज तोडते या चबाते समय होने वाली आवाज	sound as of breaking or chewing a hard thing
બડેજાવ	बडेजाव	वि	મહાન, શ્રીમત	महान, श्रीमत	great, rich
		अ	ઘણુ જીવો, ચડતી કળા થાઓ-એવો ઉદ્ગાર	आयुष्मान हो, उन्नति करो, आगे बढो ऐसा उद्गार	expression meaning 'may you live long', 'be prosperous' or 'march forward'
બઢતી	बढती	स्त्री·	1 આબાદી, વૃદ્ધિ	खुशहाली, वृद्धि	prosperity, advancement
			2 પગારમા વધારો	वेतन में वृद्धि	rise in salary

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બઢવુ	बढवु	अ क्रि	બઢતી થવી	वृद्धि होना	to make progress
બણગુ	बणगु	न	1. રણશિંગુ 2 હુલ્લડ 3 (લા) ગપગોળો, વખાણ	नरसिघा हुल्लड (ला) डींग, शेखी	bugle riot (fig) boast, praise
બણબણ	बणबण	अ , न·	1. એવો અવાજ 2 બણબણાટ	भिन–भिन बकबक की आवाज	sound as of buzzing buzzing
બણબણવું	बणबणवु	अ क्रि	બણબણાટ કરવો	बकवास करना	to buz, to hum
બણબણાટ	बणबणाट	पु·	બણબણ અવાજ (માખો ઇ નો)	भिनभिनाना (मक्खी, आदि का)	buzzing sound (of bees etc)
બણવુ	बणवु	अ क्रि	જુઓ 'બનવુ'	देखिए 'બનવુ'	see 'બનવુ'
બણવુંઠણવું	बणवुठणवु	अ क्रि·	જુઓ 'બનવુઠનવુ'	देखिए 'બનવુઠનવુ'	see 'બનવુઠનવુ'
બતક	बतक	न ,स्त्री·	1. એક પક્ષી 2 બતકના આકારનુ પાણી રાખવાનુ પાત્ર	एक पक्षी बतक के आकार का पानी रखने का साधन	duck duck-shape receptacle for storing water
બતકી	बतकी	स्त्री	નાની બેઠા ઘાટની કુલ્લી	छोटे आकार की चमडे की थैली	squat-shaped leather container
બતાડવુ	बताडवु	स क्रि	દેખાડવુ	दिखाना	to show, to point out
બત્તી	बत्ती	स्त्री	1. દિવેટ 2 દીવો 3 ઉશ્કેરણી, ઉત્તેજન	दीये की बत्ती दीया उत्तेजन, उकसाना	wick light, lamp instigation
બત્રીશ	बत्रीश	वि	' 32 '	बत्तीस, 32	thirty-two, '32'

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी प
બત્રીશલક્ષણુ	बत्रीशलक्षणु	वि	1 સપૂર્ણ માણસના બત્રીસ લક્ષણવાળુ	पूर्णमानव के बत्तीस लक्षणों वाला	possessin the (thirty- qualities of perfect man
			2 (લા) લુચ્ચુ, પેક	चट, काइयॉ	(fig) cunnin roguish
બત્રીશી	बत्रीशी	स्त्री	1 બત્રીસ દાત	बत्तीस दॉत	thirty-two teet
			2 બત્રીસ વસ્તુઓનો સમૂહ	बत्तीस चीजों का समूह	collection of 3 articles
			3 સ્વાદિષ્ટ ભોજન	स्वादिष्ट भोजन	sumptuous dinner
બત્રીસ	बत्रीस	वि	જુઓ 'બત્રીશ'	देखिए 'બત્રીશ'	see 'બત્રીશ'
બત્રીસલખણુ	बत्रीसलखणु	वि	જુઓ 'બત્રીશલક્ષણુ'	देखिए 'બત્રીશલક્ષણુ'	see 'બત્રીશલક્ષણુ'
બત્રીસી	बत्रीसी	स्त्री	જુઓ 'બત્રીશી'	देखिए 'બત્રીશી'	see 'બત્રીશી'
બથ	बथ	स्त्री	જુઓ 'બાથ'	देखिए 'બાથ'	see 'બાથ'
બથામણી	बथामणी	स्त्री·	પચાવી પાડવુ તે	कब्जे में कर लेना	seizure, misappropriation
બથાવવુ	बथाववु	स क्रि	1 થકવી નાખવુ	थका देना, हरा देना	to tire out
			2 પચાવી પડવુ	हजम कर जाना	to grab, usurp
બથ્થબથ્થા	बथ्थबथ्था	स्त्री	બાથમા પકડી પકડીને લડવુ તે, બાથબાથા	बाहु से पकडकर गुत्थमगुत्था करना	clasping and fighting
બદ	बद	स्त्री	1 જાઘના ખૂણામા થતુ ગરમીનુ એક દરદ	जॉघ के कोने में गरमी से होने वाला एक रोग, गिल्टी	venereal bubo in the groin
			2 પાચનો સકેત (વેપારીઓનો)	पॉच का सकेत (व्यापारियों का)	symbolic word for five amongst merchants
		वि·	ખરાબ, હીન (સમાસમા પૂર્વપદ)	खराब, हीन (समास का पूर्वपद)	bad, mean (used as prefix in compd)

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બદકામ	बदकाम	न·	1. ખરાબકામ 2. વ્યભિચાર	बुरा काम व्यभिचार	wicked deed adultery
બદકાર	बदकार	वि	ખરાબ, દુષ્ટ	खराब, दुष्ट	bad, wicked
બદગોઈ	बदगोई	स्त्री	નિંદા, કૂથલી	निंदा	slander, calumny
બદચલન	बदचलन	न	ખરાબ ચાલચલગત, દુરાચરણ	दुराचरण, बदचलनी	bad conduct
બદચાલ	बदचाल	स्त्री वि	દુરાચરણ દુરાચરણી	दुराचरण दुराचारी	bad conduct vicious
બદન	बदन	न	1. શરીર 2. કુડતુ, પહેરણ	शरीर कुरता	body shirt
બદનું	बदनु	न·	પાણીનુ કૂ કે કુલડુ	पानी का मिट्टी का बर्तन	vessel for water
બદનો	बदनो	पु	જાજરૂમા લઈ જવાનુ ડબલુ	पाखाने में ले जाने का छोटा डिब्बा	tinpot for carrying water to privy
બદફેલ	बदफेल	वि	દુરાચારી, અનીતિમાન	दुराचारी, अनीतिमान	vicious, wicked
બદફેલી	बदफेली	स्त्री	અનીતિ, દુરાચરણ	अनीति, दुराचरण	immorality, bad conduct
બદબખ્ત	बदबख्त	वि	કમનસીબ, અભાગિયુ	कमभागी, अभागा	unfortunate
બદબખ્તી	बदबख्ती	स्त्री	દુર્ભાગ્ય, હરામખોરી	दुर्भाग्य, कृतघ्नता, बदमाशी	misfortune, roguery
બદબદવુ	बदबदवु	अ क्रि	જતુઓથી ખદબદ થવુ, કોહવાવુ	कीडे पड जाना, सडना	to teem with insects or vermins, to decompose
બદબો, બદબોઈ	बदबो, बदबोई	स्त्री	1. દુર્ગંધ 2. બદનામી	बदबू बदनामी	bad odour disgrace, infamy

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બદમાશ	बदमाश	वि	કાળાકર્મ કરનાર, લુચ્ચુ, દુરાચારી	काले कारनामे करने वाला, दुराचारी, काइयाँ	evil-doer, cunning, wicked
બદમાશી	बदमाशी	स्त्री	1 નીચતા, લુચ્ચાઇ	नीचता, काइयाँपन	wickedness
			2 દુરાચાર, વ્યભિચાર	दुराचार, व्यभिचार	wickedness, adultery
બદમાસ	बदमास	वि·	જુઓ 'બદમાશ'	देखिए 'બદમાશ'	see 'બદમાશ'
બદમાસી	बदमासी	स्त्री	જુઓ 'બદમાશી'	देखिए 'બદમાશી'	see 'બદમાશી'
બદલ	बदल	अ·	સાટે, અવેજમા	बदले में, – की एवज में	in lieu of, in exchange for
બદલવું	बदलवु	स· क्रि	1 ફેરફાર કરવો	बदलना	to change, to alter
			2 –ને બદલે બીજુ આપવુ –લેવુ	के बदले में दूसरी चीज लेना–देना	to exchange
બદલાવુ	बदलावु	अ क्रि·	1 'બદલવુ' નુ કર્મણિ	'બદલવુ' का कर्मणि रूप	passive of 'બદલવું'
			2 પલટો થવો, ફરવુ	पलट जाना, बदल जाना	to change
બદલી	बदली	स्त्री	1 બદલાવુ કે બદલવુ તે, ફેરફાર	बदलना या बदल जाना, फेरफार	change
			2 નોકરી કે કામનુ સ્થાન કે પ્રકાર ફેરવવાં તે	नौकरी या काम के स्थान या प्रकार का तबादला होना	transfer
બદલે	बदले	अ·	બદલ	बजाय	in lieu of, in exchange for
બદલો	बदलो	पु·	1 સાટુ, અવેજ	मुआवाजा, एवज	exchange
			2 ફેરફાર	अदल–बदल	change
			3 વેર, પ્રતિકાર	बैर, बदला	revenge, requital

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બદવુ	बदवु	अ·क्रि·	ગાઠવુ, હુકમ માનવો, મચક દેવી	आज्ञा मानना, समझना	to obey, to yield, to apprehend
બદશિકલ, બદસિકલ	बदशिकल, बदसिकल	वि	વરવુ, બેડોળ	बदशक्ल, भोंडा	shapeless, ugly
બદસૂરત	बदसूरत	वि	વરવુ, કદરૂપુ	बदशक्ल, भोंडा, विरूप	ugly
બદહજમી	बदहजमी	स्त्री	અપચો	अपच	indigestion
બદામ	बदाम	स्त्री	1 એક સૂકો મેવો	बादाम	almonds
			2 હિસાબમા એક હલકુ ચલણ	हिसाब में एक नगण्य चलता–सिक्का	coin of low denomination
બદામડી	बदामडी	स्त्री·	બદામનુ ઝાડ	बादाम का पेड	almond tree
બદામપૂરી	बदामपूरी	स्त्री	બદામની મીઠાઈ,	बादाम से बनी मिठाई	sweet dish made of almonds
બદામપાક	बदामपाक	पु·	વસાણુ	बादाम से बना मसाला	a tonic
બદામી	बदामी	वि	1 ભૂખરુ લાલ	भूरा लाल	light red, of almond colour
			2 બદામનુ, બદામ સબધી	बादाम का, बादाम सबधी	of almond
		स्त्री	બદામડી	बादाम का पेड	almond tree
બદી	बदी	स्त्री	1 ગબી	बदी	a little hole or ring at which marbles are thrown
			2 દુરાચરણ, અનીતિ	दुराचरण, अनीति	bad conduct, immorality
			3 કુટેવ	बुरी आदत	bad habit
			4 નિંદા	निंदा	slander

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બધું	बधु	वि॰	સઘળુ, સર્વ	सब, सारा	all, entire, whole
બધે	बधे	अ॰	સઘળે ઠેકાણે, સર્વત્ર	सब जगह, सर्वत्र	everywhere
બનડી	बनडी	स्त्री॰	નવી વહુ	नवोढा	newly-married woman
બનડો	बनडो	पु॰	1. નવશાહ, વરરાજા 2. વિવાહમા ગાવાનુ ગીત	दूल्हा शादी का गीत	bride-groom marriage song
બનત	बनत	स्त्री॰	મેળ, સ્નેહ, બનતુ આવવુ તે	मेल, स्नेह, बनावनी	agreement, affection
બનવા	बनवा	न॰	એક પક્ષી	एक प्रकार का पक्षी	kind of bird
બનવું	बनवु	अ॰क्रि	1. થવુ, રચાવું, સધાવુ 2. બનાવ-મેળ હોવો 3. રૂપ લેવું, વેશ ધારણ કરવો 4. ફજેતી થવી, ચાટ પડવુ 5. ઠાઠ કરવો 6. રંગમાં આવવુ (નશાના)	बनना, रचित होना मेल होना रूप, वेश भरना फजीहत होना, मूर्ख बनना बनाव–सिंगार करना रंग चढ़ना (नशे का)	to become, to happen, to be accomplished to agree, to accord, to fall in with to disguise, to play the role of to be disgraced, to be crestfallen to be fashioned, to be dressed finely to be in a gay mood (of intoxication)
બનસરાહ	बनसराह	न॰	એક પક્ષી	एक पक्षी	kind of bird
બનાત	बनात	स्त्री॰	એક જાતનુ ઊનનુ કપડુ	ऊनी वस्त्र	kind of woollen cloth, broad-cloth
બનાવ	बनाव	पु॰	1. બીના, પ્રસંગ, ઘટના	घटना, प्रसग	event, incident, affair

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 જુઓ 'બનત'	देखिए 'બનત'	see 'બનત'
બનાવટ	बनावट	स्त्री	1. બનાવવાની રીત, ઘડતર, રચના	बनाने की रीति, बनावट	method of making structure
			2 તરકટ	षडयन्त्र	fraud, plot
			3 ફજેતી, મશ્કરી	फजीहत, बनावट	befooling, mockery
બનાવટી	बनावटी	वि॰	કૃત્રિમ, ખોટુ, નકલી	कृत्रिम, नकली	artificial, false, counterfeit
બનાવવુ	बनाववु	स क्रि	1. રચવુ, કરવુ	बनाना, निर्माण करना	to make, do
			2 મશ્કરી કરવી, ચાટ પાડવુ	हँसी–मजाक उडाना	to make fun, to befool
બનૂસ	बनूस	न॰	ઊનનો જાડો ધાબળો	ऊन का मोटा कबल	coarse woollen blanket
બન્ને, બન્નો	बन्ने, बन्नो	वि॰	બેઉ જાણ	दोनों, उभय	both
બપૈયો	बपैयो	पु॰	ચાતક	पपीहा, चातक	'chatak' bird, brain-fever bird
બપોર	बपोर	पु॰	મધ્યાહ્ન	मध्याह्न, दोपहर	noon
બપોરા	बपोरा	पु	બપોરનુ ભોજન	दोपहर का भोजन	lunch
બફારો	बफारो	पु	ધામ, બાફ	उमस, गरमी	sultriness, heat
બફાવુ	बफावु	अ क्रि	1. 'બાફવુ'નુ કર્મણિ	'બાફવુ' का कर्मणि रूप	passive of 'બાફવુ'
			2 ધામથી અકળાવુ	उमस से जी अस्वस्थ होना	to be oppressed with heat
બબડવું	बबडवु	अ क्रि॰	જુઓ 'બડબડવુ'	देखिए 'બડબડવુ'	see 'બડબડવુ'
બબડાટ	बबडाट	पु॰	જુઓ 'બડબડાટ'	देखिए 'બડબડાટ'	see 'બડબડાટ'
બબૂચક	बबूचक	वि	મૂર્ખ	मूर्ख	stupid, foolish

ગુજરાતી શબ્द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બબ્બે	बब्बे	वि	બે બે	दो–दो	two each, in twos
બમણવુ	बमणवु	अ क्रि	1 પાખોનો ગણગણાટ કરવો	पखों की भिन-भिनाहट करना	to hum, to buzz
			2 તેવી રીતે આજુબાજુ ઊડ્યા કરવુ-ભમવુ	भिनभिनाते आस-पास उडते रहना	to fly around, to buzz
બમણાટ	बमणाट	पु॰	બમણવુ તે	भिनभिनाहट	buzzing, humming
બમણુ	बमणु	वि	બેગણુ, બેવડુ	दुगुना, दूना	twice, twofold, double
બર	बर	पु	1 પનો	पनहा	width, breadth
			2 જાત	किस्म	sort, type
			3 માલ	माल	goods
		अ	1 પ્રમાણે	के अनुसार	according to
			2 પર, ઉપર	के ऊपर	on, above
		वि॰	1 સફળ, પૂરતુ	सफल, पूरा	successful, enough
			2 જોઇતુ, યોગ્ય	अपेक्षित परिमाण में, योग्य	required, proper
બરકત	बरकत	स्त्री	1 ફાયદો, લાભ	फायदा, लाभ	gain, profit
			2 ફતેહ, સિદ્ધિ	फतह, सिद्धि	success, achievement
			3 ભરપૂરતા, સમૃદ્ધિ	बहुतायत, समृद्धि	abundance, prosperity
બરકમદાર	बरकमदार	पु॰	જેલનો ઉપરી	जेल का थानेदार	jailer
બરકવુ	बरकवु	स क्रि	બૂમ પાડીને બોલાવવુ	चिल्लाकर बुलाना	to call out
બરકદાજ	बरकदाज	पु॰	બદૂકચી	बदूक चलाने वाला	musketeer
બરકો	बरको	पु	બૂમ, ઘાટો	चीख, चिल्लाहट	cry, shout
બરખાસ્ત	बरखास्त	वि॰	વીખરાયેલુ, વિસર્જિત, ખલાસ	बरखास्त, विसर्जित, खत्म	dispersed, dissolved, finished

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બરછટ	बरछट	वि	ખૂચે એવી સપાટીવાળુ, ખરબચડુ	जिसकी सतह चिकनी न हो, खुरदरा	rough, coarse
બરછી	बरछी	स्त्री	ભાલા જેવુ એક હથિયાર	भाले जैसा हथियार, बरछी	sort of lance
બરછો	बरछो	पु·	1. ભાલો	भाला	lance, spear
			2. ઊભો સીધો સાઠો	लबा–सीधा लठ	straight, erect stem
			3 તેવી કોઇ વસ્તુ	ऐसी कोई वस्तु (गन्ना आदि)	anything similar to it
બરજાત	बरजात	वि	કજાત, હલકા બીજનુ	हल्के वर्ण का, नीच बीज का	of low birth
બરજોરી	बरजोरी	स्त्री	જબરજસ્તી	जबरदस्ती	force, violence
બરડ	बरड	वि	1. ઝટ ભાગી જાય તેવુ	जल्दी टूट जाने वाला	brittle
			2. પાણીની તાણવાળુ (વરસ)	पानी की कमी वाला वर्ष	year marked by drought
બરડવુ	बरडवु	न	મજાગરુ	दरवाजा जिस के आधार पर बद–मुडता है वह साधन	hinge
બરડો	बरडो	पु	1. પીઠ અને વાસો	पीठ	the back, the backbone
			2. સોપારીની એક જાત	सुपारी की किस्म	a kind of areca nut
બરણી	बरणी	स्त्री	એક જાતનુ પાત્ર (મોટ ભાગે નળાકાર)	एक पात्र–विशेष (अधिकाश नलाकार)	jar (usually cylindrical)
બરતરફ	बरतरफ	वि	કાઢી મૂકેલુ (નોકરીબરતરફ)	बरखास्त किया हुआ (नौकरी से)	dismissed, sacked

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બરતરફી	बरतरफी	स्त्री	નોકરી ઉપરથી રુખસદ મળવી તે	नौकरी से निकाला जाना	dismissal, sack
બરદાશ, બરદાસ, બરદાસ્ત	बरदाश, बरदास, बरदास्त	स्त्री	સભાળ, તજવીજ, ચાકરી	देखभाल, सहना	care, hospitality, service
બરફ	बरफ	पु·, न	જામી ગયેલુ પાણી	बरफ	ice, snow
બરફી	बरफी	स्त्री	એક મીઠાઇ	बरफी	kind of sweet-meat
બરબાદ	बरबाद	वि·	1. રદ, નકામુ	निकम्मा, रद्द	useless, worthless
			2. પાયમાલ	बरबाद	ruined
બરબાદી	बरबादी	स्त्री	ખરાબી, પાયમાલી	खराबी, बरबादी	spoiling, ruin
બરમ	बरम	वि	કઠણ, મોઘુ	कठोर, महँगा	hard, costly, dear
બરમો	बरमो	पु	છેદ પાડવાનુ એક સુતારી ઓજાર	छेद करने का बढ़ई का एक औजार	kind of drill used by carpenter
બરહટ	बरहट	वि	જુઓ 'બરછટ'	देखिए 'બરછટ'	see 'બરછટ'
બરાક	बराक	स्त्री·	1. સિપાઇઓને રહેવાની ઓરડીઓની લાબી હાર	पुलिस के रहने के कमरों की कतार	barrack
			2. (લા·) માણસોને —કેદીઓને ગોંધવાનુ મકાન	(ला·) आदमियों को – कैदियों को रखने का मकान	(fig.) prison, lock-up
બરાગળ	बरागळ	स्त्री·	ઝીણો તાવ	हलका बुखार	slow fever
બરાડ	बराड	स्त्री·	રાડ, ત્રાડ, બૂમ	चीख, आवाज	loud cry, shout
બરાડવુ	बराडवु	अ· क्रि	રાડ પાડવી	चीखना	to shout, to cry out
બરાડો	बराडो	पु·	બરાડ	चीख	shout, loud cry

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બરાત	बरात	स्त्री	1 વરની જાન	दूल्हे की बारात	people accompanying bride-groom going in procession
			2 વરઘોડો	बारात	marriage procession
બરાતી	बराती	पु·	જાનૈયો	बाराती	member of marriage procession
બરાબર	बराबर	वि·,अ	1 સમાન, સરખુ 2 ખરુ, વાજબી 3 જોઇએ તેવુ, ભૂલચૂક વિનાનુ	समान, तुल्य उचित, वाजिब जैसा चाहिए वैसा, बिना भूल का	same, similar right, proper exact, free from mistake, faultless
બરાબરિયો	बराबरियो	पु	સમોવડિયો	प्रतिस्पर्धा	equal, match
બરાબરી	बराबरी	स्त्री·	સમાનતા	मुकाबला, समानता	equality
બરાસ	बरास	न	1 કપૂરમા મસાલો નાખી બનાવેલો એક સુગધીદાર પદાર્થ	बरास–कपूर, सुगधी पदार्थ	fragrant preparation of camphor
			2 સો ઘનફૂટ	सौ घनफुट	measure of 100 cub feet
બરી	बरी	स्त्री	1 અગરખાનો એક ભાગ	अगरखे का एक भाग	a triangular piece or part of shirt
			2 ખરેટુ	पेउसी, खीस	beestings
બરુ	बरु	न	નેતરની જાતનુ ઘાસ	नरकट, नेजा	reed
બરો	बरो	पु·	1 તોર, મગરૂરી	मिजाज, मगरूरी	haughtiness, pride
			2 ચામોદી, પતરાજી	नखरा, शेखी	boasting

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			3 ઘણા તાવને લીધે ઓઠના ખૂણા આગળ થતી ઝીણી ફોલ્લીઓ	अति ज्वर के कारण होंठ के कोने के पास होने वाली छोटी फुसिंया	small pimples near corners of lips as after-effect of fever
બરોબર	बरोबर	वि	જુઓ 'બરાબર'	देखिए 'બરાબર'	see 'બરાબર'
બરોબરિયુ	बरोबरियु	वि	જુઓ 'બરાબરિયુ'	देखिए 'બરાબરિયુ'	see બરાબરિયુ'
બરોબરિયો	बरोबरियो	पु	જુઓ 'બરાબરિયો'	देखिए 'બરાબરિયો'	see 'બરાબરિયો'
બરોબરી	बरोबरी	स्त्री	જુઓ 'બરાબરી'	देखिए 'બરાબરી'	see 'બરાબરી'
બરોળ	बरोळ	स्त्री	પેટને ડાબે પડખે આવેલો એક અવયવ, પ્લીહા	पेट की बायीं ओर का एक अवयव, प्लीहा	spleen
બલ	बल	न·	1 જોર, શક્તિ 2 લશ્કર	जोर, शक्ति, ताकत फौज	strength, power army
બલવંત, બલવાન	बलवत, बलवान	वि	બળવાન	बलवान	strong, powerful
બલકે	बलके	अ·	બલ્કે, એટલુ જ નહિ પણ	बल्कि, किंतु	not only that but
બલગમ	बलगम	पु , न	ગળફો, કફ	बलगम	phlegm, cough
બલદાણા	बलदाणा	पु	એક વનસ્પતિ અને તેના બીજ	एक वनस्पति और उसके बीज–दाने	a plant and its seeds
બલવુ	बलवु	स क्रि	(ઊંઘમા) બબડવુ, બોલવુ	(नींद में) बडबडाना	to speak, to prattle (in sleep)
બલા	बला	स्त्री·	1 પીડા કરતુ વળગણ, ભૂત 2 (લા) તેવુ માણસ	बला, भूत कष्ट देने वाला व्यक्ति	evil spirit oppressing a person (fig.) such a person

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यतरण	व्या को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			३ દુ:ખ, મુસીબત	दु:ख, मुसीबत	calamity, trouble
બલાત્કાર	बलात्कार	पु	1. બળજોરી, જોરજુલમ	जबरदस्ती	force, violence
			2 સ્ત્રી પર અત્યાચાર	महिला पर बलात्कार, अत्याचार	rape, outrage
બલાબલ, બલાબળ	बलाबल, बलाबळ	न	શક્તિ અને અશક્તિ કે તેનુ માપ કે પ્રમાણ	शक्ति–अशक्ति का नाप या उसका प्रमाण	strength and weakness or their comparison
બલિ	बलि	पु	1. ભોગ, દેવને માટે કાઢેલો ભાગ	देव को चढाने के लिए निकाला गया हिस्सा (पशु का)	offering or victim for deity
			2 પ્રહલાદનો પૌત્ર - દાનવોનો રાજા	प्रह्लाद का पौत्र, दानवों का राजा	Prahlad's grandson
બલિહારી	बलिहारी	स्त्री·	1. ખૂબી 2 વાહવાહ	खूबी वाहवाही	peculiar quality applause
બલૂન	बलून	न	1. હવાથી આકાશમાં ઊડતી એક ચીજ	हवाई गुब्बारा	balloon
			2 વિમાન	हवाई जहाज	aeroplane
બલૈયુ, બલોયુ	बलैयु, बलोयु	न	ચૂડી	चूडी	bangle
બલ્કે	बल्के	अ	જુઓ 'બલકે'	देखिए 'બલકે'	see 'બલકે'
બલ્લૈયા	बल्लैया	न	બલાઓ	चूडियाँ	bangles
બલ્લૈયુ	बल्लैयु	न	જુઓ 'બલૈયુ', ચૂડી	देखिए 'બલૈયુ', चूडी	see 'બલૈયુ', bangle
બશરા	बशरा	न	એક પક્ષી	एक पक्षी	kind of hawk
બશીન	बशीन	न	એક પક્ષી	एक पक्षी	kind of bird

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બશેર	बशेर	वि	બે શેર જેટલા માપનુ	दो–सेर के माप जितना	measure of two seers
બશેરી	बशेरी	स्त्री·	બશેર વજનનુ કાટલુ	दो सेर का वजन	weight of two seers
બસ	बस	अ	1 થયુ, પૂરતુ	बस, काफी	enough, sufficient
			2 ભાર-નિશ્ચય જણાવતો શબ્દ	निश्चय या दबाव बताने वाला शब्द	word showing emphasis or determination
			3 એક વાહન-મોટરનો ખટારો	मोटर बस	bus, omnibus
બસી	बसी	स्त्री	રકાબી	तश्तरी	plate, saucer
બસૂરુ	बसूरु	वि	જુઓ 'બેસૂરુ'	देखिए 'બેસૂરુ'	see 'બેસૂરુ'
બસે, બસો	बसें, बसो	पु	' ૨૦૦ '	दो सौ, 200'	two hundred, '200'
બસ્તો	बस्तो	पु	ગાસડી	गाठ, बडल	bale, bundle
બહરુ	बहरु	वि	બેવડુ	दुगुना	twofold
બહલાવવુ	बहलाववु	स क्रि·	1 મજબૂત કરવુ, ખીલવવુ 2 ફેલાવવુ 3 (લા.) આનંદિત કરવુ	मजबूत करना, विकसित करना फैलाना (ला·) प्रफुल्लित करना	to strengthen, to develop to spread (fig.) to delight, to gladden
બહાદુર	बहादुर	वि	શૂરવીર, હિંમતવાન	शूरवीर, हिम्मतवर	brave, courageous
બહાદુરી	बहादुरी	स्त्री·	પરાક્રમ	पराक्रम	bravery, heroic exploit
બહાનુ	बहानु	न	મિષ, ખોટુ કારણ	बहाना, मिस	excuse, pretence
બહાર	बहार	पु,स्त्री	1 ભભકો, રગ, શોભા	रग, शोभा	pomp, show, beauty

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 આનદ, મજા	आनद–प्रमोद	pleasure, fun
			3 વસતઋતુ, તેનો રગભર્યો ઉન્માદક સમય	बसत का आनदभरा उन्मादक समॉ	spring
			4 એક રાગ	एक राग (सगीत)	a mode in music
		अ	અદર નહિ	बाहर	outside, without
બહારવટિયો	बहारवटियो	पु·	1 રાજાથી નારાજ થઇ તેને સતાવવા કાયદા તોડનારો કે પ્રજાને રજાડવા નીકળેલો માણસ	राजा से नाराज होकर उसे एव प्रजा को त्रास पहुँचाने, कानून तोडने वाला बागी	outlaw, dacoit
			2 બહાર રહી લૂટફાટ કરનારો, લૂટારો	लुटेरा	robber
બહારવટુ, બહારવટો	बहारवटु, बहारवटो	पु	બહારવટિયાનુ કામ	डकेती	robbery
બહારવુ	बहारवु	स क्रि	ઝાડુ કાઢવુ	झाडू करना	to sweep
બહાલ	बहाल	वि	1 મજૂર, કાયમ	मजूर, स्थायी	sanctioned, permanent
			2 પ્રસન્ન, સ્વસ્થ	प्रसन्न, स्वस्थ	pleased, at peace
બહાલી	बहाली	स्त्री	મજૂરી, કાયમ રાખવુ તે	मजूरी, स्वीकृति	sanction, making permanent
બહાવવુ	बहाववु	स क्रि	ફેલાવવુ, પસારવુ	विस्तृत करना, फैलाना	to spread
બહુ	बहु	वि·,अ	ખૂબ (સખ્યા કે માપમા)	बहुत (सख्या या नाप में)	very, much (number or quantity)
બહુકોણ,	बहुकोण,	वि	(ગ) અનેક કોણવાળુ	(ग) अनेक कोणों वाला	(math) having many angles

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બહુખૂણ	वहुखूण	पु·	તેવી આકૃતિ, 'પોલિગૉન'	ऐसी आकृति, 'पोलिगॉन'	polygon
બહુખૂણિયું	वहुखूणियु	वि·	બહુકોણ	वहुकोणी	having many angles
બહુ થયું!	वहु थयु !	अ·	1 હવે બસ 2 હદ થઈ	अव वस करो हद हो गई	enough! enough of it!
બહુનામી	वहुनामी	वि·	અનેક નામોવાળું	अनेक नामों वाला	having many names
		पु·	ઈશ્વર	ईश्वर	God
બહુબોલું	वहुवोलु	वि·	1 વાચાળ 2 દોઢડાહ્યું	वाक्पटु जरूरत से ज्यादा अक्लमद	talkative overwise
બહુમત	वहुमत	पु·, न·	મોટા ભાગનો મત	वहुमत	majority opinion
બહુમતી	वहुमती	स्त्री·	1 બહુમત 2 એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યાની વિશેષતા	वहुमत एक पक्ष से दूसरे पक्ष के मतों की अधिकता	the majority majority of opinions
બહુમાન	वहुमान	न·	આદર, સન્માન	आदर, सम्मान	respect, honou
બહુમાન્ય	वहुमान्य	वि·	ઘણા લોકોએ કબૂલ કરેલું	अनेक लोगों द्वारा मान्य	accepted by many
બહુમૂલું, બહુમૂલ્ય	वहुमूलु, वहुमूल्य	वि·	ભારે કિંમતનું	ऊँची कीमत का	costly, dear
બહુ સારું	वहु सारु	अ·	ઠીક, ભલે	अच्छा, ठीक है	alright, O.K.
બહેક	वहक	स्त्री	સુગંધ	खुश्बू, सुगध	fragrance
બહેકવું	वहकवु	अ क्रि·	1 મઘમઘવું, મહેકવું	महकना	(of fragrance) to be diffused
			2 ફાટવું, છકી જવું, વંઠી જવું	वहकना, आवारा होना	to go astray, tc go the wrong way

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બહેકાટ	बहेकाट	पु	બહેકવુ તે	महकना	diffusion of fragrance
બહેડુ	बहेडु	न	એક ફળ	एक फल	kind of fruit
બહેડો	बहेडो	पु	1 બહેડાનુ ઝાડ	बहेडा का पेड	kind of tree
			2 કાદવકીચડ	कीचड	slush, mud
બહેતર	बहेतर	वि	ઠીક, સારુ, વધારે સારુ	अच्छा, बेहतर	good, better
બહેન	बहेन	स्त्री	1 એક માતાપિતાની કે કાકા, મામા, માશી વ ની દીકરી	एक माता-पिता की या चाचा, मामा, मौसी आदि की लडकी	sister
			2 કોઈપણ સ્ત્રી	कोई भी स्त्री	any woman
			3 સ્ત્રીના નામ અતે તેનો આદરવાચક અનુગ	स्त्री के नाम के अत में आदर सूचक शब्द	the word following any woman's name showing respect
બહેનજી	बहेनजी	स्त्री	(માનાર્થે) બહેન	(मानार्थ) बहन	(respect) sister
બહેનપણા	बहेनपणा	न	(સ્ત્રીઓની) મિત્રાચારી	(स्त्रियों की) मैत्री	friendship among women
બહેનપણી	बहेनपणी	स्त्री	સહેલી, સ્ત્રીમિત્ર	सहेली, स्त्री मित्र	female friend
બહેર	बहेर	स्त्री	1 બહેરાટ	बहरापन	deafness
			2 ચેતન ન હોવુ તે	सुन्न होने की स्थिति	numbness, insensibility
બહેરાટ, બહેરાશ	बहेराट, बहेराश	पु, स्त्री	બહેરાપણુ	बहरापन	deafness
બહેરુ	बहेरु	वि	1 ન સાભળી શકે તેવુ, ઓછુ સાભળનારુ	बहरा, कम सुनने वाला	deaf
			2 ખખડવામા કસરવાળુ	ठीक न बजने वाला	(of coin) not properly ringing
			3 વેદના ન થાય તેવુ	जड	benumbed

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4 ધમધમાટની કસરવાળી (વાની)	फीकी खाद्य वस्तु	(dish) having no pungency
બહોરવુ	बहोरवु	स क्रि	જુઓ 'બુહારવુ', ઝાડુ કાઢવુ	देखिए 'બુહારવુ', झाड़ू करना	see 'બુહારવુ', to sweep
બહોળુ	बहोळु	वि	મોટુ, વિસ્તારવાળુ	विस्तार वाला, विशाल	big, extensive
બળ	बळ	न	1 જોર 2 લશ્કર	जोर फौज	strength army
બળકણુ	बळकणु	वि	1 બળવાના—બળી ઊઠવાના ગુણવાળુ 2 (લાગણી કે દાઝથી) મનમા બળ્યા કરતા સ્વભાવનુ	जल उठने के गुणधर्म वाला ईर्ष्या से मन ही मन मे जलना	inflammable suffering as from wounded feelings or malice
બળખો	बळखो	पु	ગળફો	बलगम	phlegm, cough
બળજબરી, બળજબરાઈ, બળજોરી	बळजबरी, बळजबराई, बळजोरी	स्त्री·	જબરદસ્તી	जबरदस्ती	force, violence, compulsion
બળતણ	बळतण	न	બળવાના લાકડા	जलाने की लकडी, ईंधन	fuel
બળતરા	बळतरा	स्त्री·	1 દાઝવાથી થતી પીડા 2 મનમા થતી તેની . લાગણી	जलने की पीडा मन में होने वाली दाह	pain caused by burn smarting
બળતુ	बळतु	वि न	સળગતુ 1 સળગતી વસ્તુ 2 બળતરા 3 તાપણી કે તાપણુ	जलता हुआ जलती चीज जलन अलाव	burning burning thing pain caused by burn fire (lit up for warmth)

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બળદ, બળદિયો	बळद, बळदियो	पु·	1 એક ચોપગુ 2 મૂર્ખ, ગમાર	चौपाया मवेशी, बैल मूर्ख, गँवार	bullock fool, stupid person
બળદગાડી	बळदगाडी	स्त्री	બેલગાડી	बैलगाडी	bullock-cart
બળદાયી	बळदायी	वि·	બલદાયી	बलदायक	strengthening
બળબળ	बळबळ	स्त्री	1 ચિંતા 2 દાઝ 3 ઇર્ષા	चिंता दाह ईर्ष्या	worry anger malice
બળબળતુ	बळबळतु	वि	1 બાળે-દઝાડે એવુ 2 પીડાતુ	दाहक पीडित	burning suffering
બળબીજ	बळबीज	न·	એક ઔષધિ	एक औषध	kind of medicine
બળવું	बळवु	अ क्रि	1 સળગવુ 2 બળતરા થવી 3 ઇર્ષા કરવુ	जलना जलन होना ईर्ष्या करना	to burn to have burning sensation to feel jealous
બળવો	बळवो	पु	બડ	विप्लव	revolt, rebellion
બળહીણ, બળહીન	बळहीण, बळहीन	वि·	બળ વગરનુ, નિર્બળ	दुर्बल	weak, powerless
બળાત્કાર	बळात्कार	पु	જુઓ 'બલાત્કાર'	देखिए 'બલાત્કાર'	see 'બલાત્કાર'
બળાબળ	बळाबळ	न	જુઓ 'બલાબલ'	देखिए 'બલાબલ'	see 'બલાબલ'
બળાપો	बळापो	पु	કઢાપો, સતાપ	कुढन, सताप	grief, mental torment
બળિયા, બળિયાકાકા, બળિયાબાપજી	बळिया, बळियाकाका, बळियाबापजी	पु	1 સૈયડ 2 એના દેવ 3 (લા) જરામા વાકુ પાડે કે ગુસ્સો કરે એવુ માણસ	बडी माता, चेचक उसका देव (ला) छोटी सी बात में गुस्सा करने वाला आदमी	small-pox deity supposed to be presiding over it (fig) very irascible person

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બળિયુ	बळियु	वि·	જોરાવર	जोरावर, ताकतवर, शक्तिशाली	strong
બળિયેલ	बळियेल	वि	અદેખુ	ईर्ष्यालु	jealous, malicious
બળી	बळी	स्त्री	કરાટાની કરાતી એક વાની	खीस में से बनाया जाने वाला एक खाद्य	dish made from beestings
બળેવ	बळेव	स्त्री·	શ્રાવણી પૂર્ણિમા	श्रावणी पूर्णिमा, राखी पूनम	full-moon day of Shravana
બળોતિયું	बळोतियु	न	જુઓ 'બાળોતિયુ'	देखिए 'બાળોતિયુ'	see 'બાળોતિયુ'
બળ્યુંજળ્યું	बळ्युजळ्यु	वि	1 ગુસ્સે થયેલુ	जला–भुना	angry
			2 સતાપ પામેલુ	पीडित, सतप्त	grieved, tormented
			3 અદેખુ	ईर्ष्यालु	jealous
બંકુ	बकु	वि·	વાકુ, અટપટુ	चक्र, अटपटा	crooked, complex
બંકેરાવ	बकेराव	पु·	છેલબટાઉ	आवारा	fop, dandy
બગ	बग	पु·	1 બગાળ પ્રદેશ	बंगला प्रदेश	Bengal
			2 રીત, તરેહ	रीति, प्रकार	manner, method
			3 તર્ક, બુટ્ટો	तर्क, मन की तरग	idea, fancy
			4 નમૂનો ભાત	नमूना, ढग	model, pattern
		वि·	નાગુ, નિર્લજ્જ	नग्न, निर्लज्ज	shameless
		स्त्री·	1 કલાઈ	मुलम्मा	tin
			2 બગભસ્મ	बगभस्म	calx of tin
			3 સીસાનો એક ક્ષાર	सीसे का क्षार, गधक	kind of salt of lead
બંગડી	बगडी	स्त्री·	સ્ત્રીઓના કાડે પહેરવાનુ કાચનુ કે ધાતુનુ ઘરેણુ	शीशे या धातु की चूडी	bangle
બંગલી	बगली	स्त्री·	નાનો બગલો	छोटा बगला	small bungalow

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બંગલો	बंगलो	पु	એક વિશિષ્ટ જાતનું મકાન	एक खास प्रकार का मकान	bungalow
બંગાળ, બંગાળા	बंगाळ, बंगाळा	पु	એ નામનો પૂર્વ હિંદનો પ્રાંત	उस नाम का पूर्व भारत का प्रान्त	Bengal
બંગી	बंगी	स्त्री·	નાની ટીલડી, ટપકી	छोटी सी बिन्दी	small mark or dot
બંટ, બંટિયો	बंट, बंटियो	पु	ડાંગર સાથે ઊગતું એક હલકું અનાજ	धान के साथ उगने वाला एक घटिया अनाज	kind of coarse grain growing with paddy
બંટી	बंटी	स्त्री	એક જાતનું અનાજ	साँवाँ की जाति का अन्न	kind of coarse grain
બંઠ	बंठ	वि	1 બૂઠું 2 અક્કલ વગરનું	बिना धार का बुद्धिहीन	blunt dull, stupid
બંડ	बंड	न	હુલ્લડ, બળવો	दगा–फसाद, विद्रोह	revolt, riot
બંડિયું	बंडियु	न	બદન, પહેરણ	बंडी, कुरता	shirt
બંદગી	बंदगी	स्त्री	પ્રાર્થના, ઇબાદત	प्रार्थना, इबादत	prayer
બંદર	बंदर	न	1 દરિયા કે નદીને કિનારે આવેલું વહાણોની આવજા થઇ શકે એવું સ્થાન 2 તેવા સ્થાનવાળું ગામ	सागर या नदी के किनारे जहाजों की आवाजाही हो सके ऐसा स्थान बंदर पर बसा हुआ नगर	port, harbour town on the sea-shore
બંદલો	बंदलो	पु	જુઓ 'બનડો'	देखिए 'બનડો'	see 'બનડો'
બંદવો	बंदवो	पु	કેદી	कैदी	prisoner
બંદિ	बंदि	पु	1 કેદી 2 જુઓ 'બંધી', 'મના'	कैदी देखिए 'બંધી', 'મના'	prisoner see 'બંધી', 'મના'
બંદી, બંદીજન	बंदी, बंदीजन	पु	વખાણ કરનાર, ચારણ	चारण, प्रशंसा करने वाले	bard, panegyrist

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બદી	बदी	स्त्री	1 બાદી, ગુલામડી, બળાત્કારે પકડી આણેલી સ્ત્રી 2 જુઓ 'બધી', 'મના'	बलात्कार से लायी गयी स्त्री, गुलाम स्त्री देखिए 'બધી', 'મના'	female slave, woman forcibly brought see 'બંધી', 'મના'
બદીખાનુ	बदीखानु	न	કેદખાનુ, તુરગ	क़ैदखाना, जेल	jail, prison
બદીવાન	बदीवान	पु·	કેદી	क़ैदी	prisoner
બદૂક	बदूक	स्त्री	દારૂથી ગોળી મારવાનુ શસ્ત્ર	गोली मारने का शस्त्र	gun, musket
બદૂકચી	बदूकची	पु	બદૂકવાળો	बदूक वाला	musketeer
બદૂકિયો	बदूकियो	पु	બદૂકવાળો, સિપાઈ	बदूक वाला, सिपाही	musketeer
બદેનવાજ	बदेनवाज	वि	સેવક ઉપર કૃપા કરનાર	सेवक पर कृपा करने वाला	(one) obliging servant
બદો	बदो	पु	1 સેવક, દાસ 2 પોતે (બડાઈ બતાવવા વપરાય છે)	सेवक, दास खुद (बड़ाई सूचित करने में व्यवहृत)	servant, slave myself (indicating boast)
બંદોબસ્ત	बदोबस्त	पु·	1 વ્યવસ્થા, તજવીજ 2 જાપતો	इतजाम, व्यवस्था नियत्रण, काबू	arrangement, management control watch
બધ	बध	वि	1 ઉઘાડુ નહિ તેવુ, વાસેલુ 2 અટકેલુ, ચાલુ નહિ તેવુ 3 નામને અતે સમાસમા 'સાથે', 'સહિત', 'વાળુ', '–પ્રમાણે, ક્રમથી' એવા અર્થમા	जो खुला न हो, भिडा हुआ रुका हुआ, ठप हुआ नाम के अत में समास में 'साथ में', 'सहित', 'वाला', 'अनुसार, क्रम से' उस अर्थ में	closed, shut stopped, not working used at the end of noun in the sense of 'with' 'according to' etc

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
		पु॰	1 બાધવુ તે કે તેનુ સાધન	बॉधना या उसका साधन	binding or article used for binding
			2 તેની ગાઠ-પકડ	उसकी गॉठ, पकड	knot, grip
			3 બધન, કેદ	बधन, कैद	imprisonment
			4 રચના, ગૂથણી	रचना, वस्तु सकलना	composition, style of knitting
			5 પાળ	बॉध	embankment, dam
			6 મુદ્રા (યોગ)	मुद्रा (योग)	'mudra' in yoga
			7 પ્રતિબધ, અટકાવ	प्रतिबध, रोक	prohibition, hindrance
બંધકોશ, બધકોષ	बधकोश, बधकोष	पु	કબજિયાત	कब्ज, मलावरोध	constipation
બંધણી	बधणी	स्त्री	1 કરાર	करार	agreement
			2 પાટો	पट्टी	bandage
બંધન	बधन	न	1 અટકાવ, પ્રતિબધ	अटकाव, प्रतिबध	restriction, prohibition
			2 કેદ	कैद	imprisonment
			3 બાધનારી વસ્તુ, તેની પકડ-ગાઠ	बॉधने की वस्तु, उसकी पकड, गॉठ	bond, chain etc or its knot or grip
બધબેસતુ	बधबेसतु	वि	1 બેસતુ, ગોઠતુ	ठीक बैठनेवाला	fitting, fit
			2 માફક, અનુકૂળ	योग्य, अनुकूल	suitable
બધવ, બધવો	बधव, बधवो	पु	ભાઈ	भाई	brother
બંધાણ	बधाण	न	1 બધારણ પેટે બાધવાનુ	पेट पर बॉधने की चीज	medicinal plaster tied on stomach

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 બાધવાની વસ્તુ, તેની ગાઠ-પકડ	बॉधने की वस्तु, उसकी पकड, गॉठ	bond, chain etc or its knot, grip
			3 પ્રતિબધ, અટકાવ	प्रतिबध, अटकाव	restriction, prohibition
			4 વ્યસન	व्यसन	addiction
બધામણ, બંધામણી	बधामण, बधामणी	न	1 બાધવાની મજૂરી	बॉधने की मजदूरी	charges for binding
			2 બાધવાની રીત	बॉधने की रीत	method of binding
			3 કરાર	करार	agreement
બધારણ	बधारण	न	1 બાધણી, રચના	रचना, निर्माण	constitution, arrangement
			2 વ્યસન, આદત	व्यसन, आदत	addiction, habit
			3 પેટે બાધવાની ઔષધની થેપ	पेट पर बॉधने की मोटी टिकिया	medicinal plaster tied on stomach
			4 ધારાધોરણ, 'કૉન્સ્ટિટયૂશન'	संविधान	constitution (of state)
બધારણસભા	बधारणसभा	स्त्री·	દેશની બધારણ ઘડવા માટેની ખાસ પ્રજાકીય સભા, 'કૉન્સ્ટિટયુઅન્ટ અસેમ્બલી'	देश का सविधान बनाने वाली प्रजाकीय सभा	constituent assembly
બંધારણીય	बधारणीय	वि·	બધારણનુ કે તેને લગતુ કે તેની રીત પ્રમાણેનુ	सविधान का अथवा सवैधानिक	constitutional
બધારો	बधारो	पु·	1 રગવાનો ભાગ જુદો બાધી જુદા જુદા રગ કરનાર બાધણીગર	कपडे का रगने का हिस्सा अलग–अलग बॉधकर रग करने वाला	one who ties parts of cloth to be dyed separately and dyes them

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 રેશમી કપડા ધોઇ કુદી કરી આપનાર	रेशमी कपडे धोकर कुँदी करने वाला	one who calenders silk clothes
			3 તમાકુના પડા બાધનાર	तम्बाकू की पुडिया बॉधने वाला	one who makes bundles of tobacco leaves
			4 પાણીનો બાધ	पानी का बॉध	dam, dyke
બધાવવું	बधाववु	स क्रि	1 'બાધવુ' નુ પ્રેરક	'બાધવુ' का प्रेरक	caus of 'બાધવુ'
			2 સાથે લઇ જવા કાઇક આપવુ	साथ ले जाने के लिए कुछ देना	to give something, especially eatables, for journey
			3 (લા) કદર કરી બક્ષિસ આપવી	(ला) कद्रकर के कुछ बख्शीश देना	(fig) reward for services done
બંધાવું	बधावु	अ क्रि	'બાધવુ' નુ કર્મણિ	'બાધવુ' का कर्मणि रूप	passive of 'બાધવુ'
બાધિયાર	बधियार	वि	1 હવા-અજવાળા વગરનુ (સ્થાન)	हवा–प्रकाश रहित स्थान	(of place) closed, one having no ventilation
			2 વહેતુ નહિ તેવુ (પાણી)	रुका हुआ या बॅधा हुआ पानी	(of water) stagnant
બાંધિયો	बधियो	पु	બાધવાનુ દોરડુ	बॉधने का रस्सा	rope for tying
બધી	बधी	स्त्री	1 મના	निषेध	prohibition
			2 પરેજી	परहेज	abstinence
			3 પાકી	हडताल	strike
			4 કરાર	करार	agreement
			5 દામણી	एक आभूषण	an ornament worn by women
બધુ	बधु	पु	1 ભાઇ	भाई	brother
			2 સગો	रिश्तेदार	relative

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બધુભાવ	बधुभाव	पु	ભાઇના જેટલી પ્રીતિ	भाई जैसी प्रीति	brotherly love
બધૂક	बधूक	स्त्री॰	જુઓ 'બદૂક'	देखिए 'બદૂક'	see 'બદૂક'
બધૂકચી	बधूकची	पु	જુઓ 'બદૂકચી'	देखिए 'બદૂકચી'	see 'બદૂકચી
બધૂકિયો	बधूकियो	पु	જુઓ 'બદૂકિયો'	देखिए 'બદૂકિયો'	see 'બદૂકિયો'
બને	बने	वि	જુઓ 'બન્ને', બેઉ	देखिए 'બન્ને', दोनों	see 'બન્ને', both
બબ	बब	वि	મોટુ, કદાવર	बडा, कद्दावर	large, huge
		पु	1 બાયુ, મૃદગનો એક ભાગ	मृदग का एक भाग	a part of 'mrudang'drum
			2 ડકો	बडा घटा	large kettle-drum
			3 બાવળ	बबूल	babul tree
બંબેબબ	बबेबब	वि	જૂઠેજૂઠુ, અધેર	सफेद झूठ, अधेर	where lies prevail, disorderly
બબો	बबो	पु॰	1 પાણી કાઢવાનુ યત્ર	पानी निकालने की कल	water-pump
			2 આગ ઓલવવા માટે પાણી ફેકવાનુ યત્ર	आग बुझाने के लिए पानी फेंकने का दमकल	fire-engine
			3 પાણી ગરમ કરવાનુ એક પ્રકારનુ વાસણ	पानी गरम करने का एक प्रकार का बरतन	kind of vessel for heating water
			4 પાણીનો મોટો નળ	पानी की बडी कल	hydrant
બબાખાનુ	बबाखानु	न	આગનો બબો રાખવાનુ સ્થળ	आग बुझाने का दमकल रखने का स्थान	fire-brigade station
બબાવાળો	बबावाळो	पु	બબો લઇ આગ ઓલવનાર માણસ	दमकल से आग बुझाने वाला	fireman
બસરી	बसरी	स्त्री	વાસળી, વેણુ	बसरी, वशी	pipe, flute
બસી	बसी	स्त्री॰	બસરી, વાસળી	बसी, बासुरी	pipe, flute

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બા	बा	स्त्री	1. મા	माँ	mother
			2 વડીલ સ્ત્રીના નામ પાછળ લગાડાતો શબ્દ	बुज़ुर्ग स्त्री के नाम के पीछे लगाया जाने वाला शब्द	word added to the names of elderly women to show respect
		अ	વહાલનો એક ઉદ્ગાર	प्यार का एक उद्गार	term of endearment
બાઇબલ	बाइबल	न	ખ્રિસ્તી લોકોનો ધર્મગ્રંથ	ईसाई लोगों का धर्म ग्रंथ	Bible
બાઇસ	बाइस	पु·	1. કારણ, બાયસ	कारण	cause, bias
			2 ખોટુ બહાનુ	झूठा बहाना	pretence
બાઇ	बाई	स्त्री	1. કોઇ પણ સ્ત્રી, બાઇડી	कोई भी स्त्री	any woman
			2 સ્ત્રીના નામ પાછળ લગાડાતો માનસૂચક શબ્દ	स्त्री के नाम के पीछे लगाया जाने वाला मानसूचक शब्द	word added to a woman's name for respect
			3 સાસુ	सास	mother-in-law
			4 નોકરડી	नौकरानी	maid-servant
બાઇમાણસ	बाईमाणस	न	બૈરુ	स्त्री	woman
બાઉલુ	बाउलु	न	પશુનો આચળવાળો અવયવ	पशु के थन का अंग	udder
બાકરવડી	बाकरवडी	स्त्री	એક પકવાન	एक पकवान	kind of dish
બાકરી	बाकरी	स्त्री	હઠથી સામે ઝગડવુ તે, મમતભર્યુ વેર	हठपूर्वक झगडना, पूर्वग्रह युक्त बैर	stubborn resistence or enmity due to prejudice
બાકસ	बाकस	न·	પેટી (દીવાસળી કે સાબુ ની)	दीयासलाई की डिब्बी	box, match-box, soap-box
બાકળા	बाकळा	पु	આખુ બાફેલુ કઠોળ	साबुत उबाला हुआ दलहन	boiled whole pulse

शब्द	देवनागरी लिप्यनतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अग्रेज़ी पर्याय
	बाकात	वि	જુઓ 'બકાત'	देखिए 'બકાત'	see 'બકાત'
	बाकी	वि	1 ખૂટતુ	कम होता हुआ	short, deficient
			2 વધેલુ	बचा हुआ	left out
			3 ગણતરીમા લેવામા રહેલુ, શેષ	गिनती में लेने में बचा शेष	remainder
		स्त्री	1 સિલક, ગણતા છેવટે રહેતુ જમા તે	जमा खर्च का हिसाब करने के बाद जमा रही हुई रकम	balance
			2 પત્યા વગર રહેલી કે ચૂકતે કરવામા ચડેલી રકમ	न चुकाई हुई रकम, बकाया	amount to be paid
		अ	નહિ તો	नहीं तो	otherwise
	बाकु	न	કાણુ	छेद, सूराख	hole
	बाकोरु	न·	કાણુ	छेद	hole
પું	बाखडवु	अ· क्रि	આખડવુ, વઢવુ, કજિયો કરવો	बखेडा करना, झगडा करना	to contend, to scold, to quarrel
;	बाखडु	वि	વિયાયાને જેને ઘણો વખત થઇ ગયો હોય તેવુ (ઢોર)	जिसे प्रसूति के बाद ज्यादा समय हो गया हो (गाय, भैंस)	(of cattle) which has passed a long time since last calving
	बाखु	वि·	રગીલુ	रगीला	gay, given to pleasure
		न	બાકુ	सूराख	hole
	बाग	पु·	બગીચો	बाग	garden
પત	बागायत	स्त्री·	બગીચામા થતી ખેતી, શાકભાજી	बगीचे में होने वाली खेती, साग–सब्जी	vegetables grown in garden
		वि	કૂવાના પાણીથી થતી (ખેતી)	कुँए के पानी से होने वाली खेती	land irrigated with well water

राती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ાયતી	बागायती	वि·	ફળફૂલના ઝાડ ઉછેરવા લાયક (જમીન)	फल–फूल के पेड–पौधे लगाने लायक जमीन	fit for fruit trees and flowering plants
ડોર	बागडोर	स्त्री·	લગામ	लगाम	reins
ેસરી	बागेसरी	पु	વાગેશ્રી રાગ કે તેનુ ગીત	बागेश्री राग या उस का सगीत	a mode in music or a song in it
ઘડ, ઘડું	बाघड, बाघडु	वि	1 જુઓ 'બાઘુ' 2 બિહામણુ	देखिए 'બાઘુ' डरावना	see 'બાઘુ' terrible, fearful
ઘડો	बाघडो	पु·	તેવો માણસ	वैसा आदमी	fearful person
ઘુ	बाघु	वि·	મૂઢ, ગતાગમ વિનાનો	बुद्धू, बौखल,	stupid
ઘાઇ	बाघाई	स्त्री	બાઘાપણુ	मूढता, बौखलाहट	stupidity
ઘા	बाघा	न·	બાલા, ફાફા	बेकार इधर–उधर देखना, व्यर्थ कोशिश	fruitless attempts, vain efforts
ચકો	बाचको	पु·	1 મૂઠી કે કલ્લો યા તેમા આવે એટલુ	मुट्ठी, पजा या उस में आये उतनी चीज	handful or armful
			2 પાચે આગળા વડે ભરેલો ચીમટો-વલૂરો	पॉचों उगलियों से भरा बकुटा	scratching with all the five fingers
ાજ	बाज	पु·	1 એક શિકારી પક્ષી, શકરો 2 (લા) ઘોડો	एक शिकारी पक्षी (ला) घोडा	hawk, falcon (fig) horse
		वि·	નામને લાગતુ 'વાળુ', 'અનુરક્ત' વગેરે અર્થો બતાવતો પ્રત્યય	नाम को लगने वाला 'वाला', 'अनुरक्त' आदि अर्थ बताने वाला प्रत्यय	suffix added to nouns indicating the sense of addicted etc

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		पु·	સિતારનો પહેલો તાર, જેના પર આંગળીઓ રાખી વગાડવામા આવે છે	सितार का प्रथम तार जिसपर उगलियाँ रखकर बजायी जाती है	first string of 'sitar'
		स्त्री, न	પતરાળુ	पत्ते की तश्तरी, पत्तल	leaf-plate
બાજઠ	बाजठ	पु	ચાર પાયાવાળુ એક જાતનુ આસન	चार पायों वाला चौकोर आसन	a kind of broad, low wooden stool
બાજડુ, બાજણું	बाजड़, बाजणु	न	પતરાળુ	पत्तल	leaf-plate
બાજરિયુ	बाजरियु	न	1 બાજરીનુ ડૂડુ 2 એક ઘરેણુ	बाजरे की बाल एक गहना	ear of 'bajra' an ornament
બાજરી	बाजरी	स्त्री	એક અનાજ	एक अन्न	a corn, 'bajri'
બાજરો	बाजरो	पु	મોટા દાણાની બાજરી	बडे दानों का बाजरा	'bajri' of big grain
બાજદુ	बाजदु	वि·	ધૂર્ત, દોગુ, પહોંચેલુ	धूर्त, पहुँचा हुआ	fraudulent, roguish, cunning
બાજિયાકાર	बाजियाकार	पु·	ભવાડો, ફજેતો	बदनामी, फजीहत	fiasco
બાજી	बाजी	स्त्री	1 જે પાટિયા કે કપડા ઉપર રમત મડાય તે 2 સોગટા કે ગજીફાની રમત 3 હાથ (ગજીફામા) 4 યુક્તિ, પ્રપચ	वह तख्ता या कपडा जिस पर खेल खेला जाए चौसर या ताश का खेल दाँव, हाथ (ताश में) युक्ति, प्रपच	chequered board or piece of cloth game of cards, pieces etc hand in game of cards strategy, trick
બાજીગર	बाजीगर	पु	મદારી, જાદુગર	मदारी, जादूगर	conjurer, juggler

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બાજીગરી	बाजीगरी	स्त्री	1 બાજીગરપણુ	बाजीगर का काम	sleight of hand, jugglery
			2 ખેલ, તમાસો	खेल–तमाशा	show
			3 યુક્તિપ્રયુક્તિ, પ્રપચ	युक्ति–प्रयुक्ति, प्रपच	trick, strategy
બાજુ, બાજૂ	बाजु, बाजू	स्त्री	1 છેડો, અત	छोर, अत	end
			2 દિશા, પાસુ, પડખુ	दिशा, ओर, करवट	direction, side
			3 પક્ષ, તરફેણ	पक्ष, तरफदारी	party, partiality
બાજૂબધ	बाजूबध	पु	હાથનુ એક ઘરેણુ	हाथ का एक गहना	armlet
બાજોઠ	बाजोठ	पु	જુઓ 'બાજઠ'	देखिए 'બાજઠ'	see 'બાજઠ'
બાજોઠિયુ	बाजोठियु	न	એક વનસ્પતિ, ગગેઠી	एक वनस्पति	kind of plant
બાઝવુ	बाझवु	स क्रि	વળગવુ	लगना, लिपटना	to clasp, to embrace
		अ क्रि	લડવુ કે ટટો કરવો	लडना या झगडा करना	to fight, to quarrel
બાઝુબાઝા, બાઝુબાઝી, બાઝાબાઝ, બાઝાબાઝી	बाझबाझा, बाझबाझी, बाझाबाझ, बाझाबाझी	स्त्री	લડાઇ, ટટો	लडाई, टटा–फसाद	fighting, quarrel
બાટકવુ	बाटकवु	अ क्रि	1 વળગવુ	लिपट जाना	to embrace, to clasp
			2 ઝઘડવુ	झगडना	to quarrel
બાટલી	बाटली	स्त्री	શીશી	बोतल	bottle
બાટી	बाटी	स्त्री	છાણાની આચથી શેકેલો કણેકનો ગોળો કે જાડી ભાખરી	अलाव की हल्की ऑच पर सेंकी हुई मोटी रोटी	kind of cake baked in the fire of cow-dung cakes
બાટું	बाटु	न	નીઘલ્યા વિનાનો જારબાજરીનો સાઠો	बिना फूल का जौ–बाजरे का सॉठ	stem of jowar or bajra without flowers

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બાડુ	बाडु	वि	ત્રાસા ડોળાવાળુ કે નજરવાળુ	तिरछी पुतलियों वाला, भेंगा	squint-eyed
બાણ	बाण	न	1 તીર	तीर	arrow
			2 એક આતશબાજી	एक आतिशबाजी	kind of fire-work
			3 લબગોળ પથ્થર (શિવલિંગ)	अडाकार पत्थर (शिवलिग)	oval stone (*worshipped as phallus or emblem of Shiva*)
			4 જ્યા ભરતીનુ પાણી આવતુ હોય તે ખાડીની જમીન	खाडी की जमीन जहॉ ज्वार का पानी आता हो	*moorland*, creek
			5 ખેતરની હદ બતાવવા દાટેલો પથ્થર કે બીજી વસ્તુ	खेत का सीमा-सूचक पत्थर या कोई निशान	stone or any such mark showing boundary
			6 પગલુ	पद चिह्न	foot-print
			7 બાણાસુર	बाणासुर	Banasura
બાણાવળી	बाणावळी	पु	બાણ મારવામા હોશિયાર યોદ્ધો	बाण चलाने में कुशल योद्धा	skilful archer
બાણી	बाणी	स्त्री	1 ઠરાવેલી મુદ્દત	निश्चित की हुई समयावधि	fixed or stipulated period
			2 શરત, કબૂલાત	शर्त, कबूलियत	condition, agreement
			3 શુકનમા અપાતી ભેટ	शकुन में दी जाने वाली भेंट	present given as auspicious omen
			4 એક જાતનુ કાપડ	एक प्रकार का कपडा	kind of cloth
બાણુ	बाणु	वि·	' ૯૨ '	बानवे, '92'	ninety-two, '92'

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બાતમી	बातमी	स्त्री	1 સમાચાર	समाचार	news, information
			2 ભાળ	खोज	intelligence, investigation
બાતમીદાર	बातमीदार	वि, पु	ખબર લાવનાર	खबर लाने वाला	informant, reporter
બાતલ	बातल	वि·	1 રદ, નકામુ	रद्द, निकम्मा	cancelled, useless
			2 કાઢી મૂકેલુ	निकाला हुआ	rejected
બાથ	बाथ	स्त्री	1 બે હાથ પહોળા કરી દીધેલી પકડ	दोनों हाथ फैलाकर पकडना, आलिगन	grip of extended arms
			2 ટક્કર	मुकाबला	confrontation
બાથબાથા, બાથબાથી	बाथबाथा, बाथबाथी	स्त्री	સામાસામી બાઝવુ તે	आमने–सामने होकर लडना	clasping each other and fighting
બાથોડિયુ	बाथोडियु	न	1 વલખા	बेकार की कोशिश	fruitless strivings
			2 પ્રયત્ન	प्रयत्न	struggle, effor
બાદ	बाद	वि	બાતલ, કમ	रद्द, कम	cancelled, rejected, omitted, deducted
		अ	પછી	पीछे, बाद मे, पश्चात्	then, after, afterwards
બાદલું	बादलु	वि	1 નકલી ઢોળ ચઢાવેલુ	नकली मुलम्मा चढाया हुआ	imitation
			2 તકલાદી	जो टिकाऊ न हो	cheap
		न·	1 કસબનુ ગૂચળુ	बादला	gold wire usec in brocade
			2 કસબ ભરેલી સાડી	जरकश साडी	sari with brocade

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બાદશાહ	बादशाह	पु	રાજાધિરાજ, સમ્રાટ	राजाधिराज, सम्राट	emperor
બાદશાહત	बादशाहत	स्त्री	બાદશાહનુ રાજ્ય–હકૂમત	राजा का राज्य, हुकूमत	empire
બાદશાહી	बादशाही	वि	1 બાદશાહનુ, –ને લગતુ	बादशाह का, –से सबधित	imperial, regal
			2 બાદશાહને શોભે એવુ, તેના જેવા ઠાઠમાઠવાળુ	बादशाह शोभा दे ऐसा, उसके जैसा ठाठबाठ वाला	grand, regal
		स्त्री	1 બાદશાહત, સામ્રાજ્ય	बादशाह का साम्राज्य	empire
			2 ભારે ઠાઠમાઠ ને સમૃદ્ધિ	साज–सजावट, समृद्धि	grandeur and prosperity
બાદિયાન	बादियान	न	એક બી–વસાણુ	एक बीज, मसाला	kind of seed – a tonic
બાદી	बादी	स्त्री·	1 અપચો, બદહજમી	अजीर्ण, बदहजमी	indigestion
			2 પેટમા થતો વાયુ	पेट में होने वाली वायु	windiness
બાધ	बाध	पु	1 અડચણ, પ્રતિબધ	बाधा, प्रतिबध	difficulty, obstruction
			2 દોષ, પાપ	दोष, पाप	fault, sin
			3 પીડા, ઉપદ્રવ	पीडा, उपद्रव	trouble
			4 વિરોધ, વાધો	विरोध, एतराज	opposition, objection
બાધક, બાધકર્તા, બાધકારક	बाधक, बाधकर्ता, बाधकारक	वि	બાધ કરનારુ	बाधा उपस्थित करने वाला	obstructive
બાધા	बाधा	स्त्री	1 માનતા, આખડી	मनौती	solemn religious promise or vow
			2 પીડા, દુઃખ	पीडा, दुख	trouble, sorrow
			3 વિઘ્ન	विघ्न	hindrance

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બાધું	बाधु	वि	આખુ (પ)	सपूर्ण (प)	entire, whole
બાધે ભારે	बाधे भारे	अ	મોઘમ, નામનિર્દેશ વગર	नामनिर्देश बिना, सकेत में ही	vaguely, generally
બાન	बान	वि न॰	જામીન તરીકેનુ, સાટાનુ 1 બાનુ 2 જામીન	जमानत के रूप में पेशगी जामिन	earnest money advance surety
બાનડી	बानडी	स्त्री	લૂડી	गुलाम स्त्री	female slave
બાનાખત	बानाखत	न॰	બાનામા આપેતે પૈસાનુ ખત	पेशगी का दस्तावेज	conditional deed of bargain on payment of earnest money
બાની	बानी	स्त्री	1 બોલવા-લખવાની છટા 2 વાણી, જુઓ 'બાનડી'	लिखने-बोलने की छटा वाणी, देखिए 'બાનડી'	style of speech or writing speech, see 'બાનડી'
બાનુ	बानु	स्त्री	સારા ઘરની સ્ત્રી	सन्नारी	lady
બાનું	बानु	न	સોદાના સાટા પેટે અગાઉથી અપાયેલુ નાણુ	सौदे के लिए दी गई पेशगी की रकम	earnest money
બાનૂ	बानू	स्त्री	જુઓ 'બાનુ'	देखिए 'બાનુ'	see 'બાનુ'
બાપ	बाप	पु	1 પિતા 2 લાડ-વહાલ કે સન્માનસૂચક સબોધન	पिता लाड-प्यार का सम्मान सूचक सबोधन	father word used in addressing with love or honour
બાપડું	बापडु	वि	ગરીબ, રાંક, દયામણુ	गरीब, रंक, बेचारा	poor, humble, pitiable
બાપદાદા	बापदादा	पु	પૂર્વજો	पुरखे	ancestors
બાપલા, બાપલિયા	बापला, बापलिया	अ॰	'ઓ રે! બાપ રે' અર્થનો ઉદ્ગાર	ओ रे! बाप रे! अर्थ का उद्गार	exclamation showing fear or wonder

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બાપલિયો	बापलियो	पु·	બાપો (પાટીદાર પટેલ માટે વપરાય છે)	बापू (पाटीदार पटेलों के लिए प्रयुज्य)	sir, father (used for patidar patel)
બાપા	बापा	पु·	(માનાર્થે બ વ) જુઓ 'બાપુ'	(मानार्थे ब व) देखिए 'બાપુ'	(plural showing honour) father, sir
બાપીકું	बापीकु	वि·	બાપુનુ, વારસામા મળેલુ	पैतृक, विरासत में मिला हुआ	paternal, inherited
બાપુ	बापु	पु·	1 બાપ 2 વડીલ પ્રત્યે માનવાચક, નાના પ્રત્યે વહાલસૂચક ઉદ્ગાર	पिता बडों के प्रति आदर सूचक और छोटों के प्रति प्यार सूचक शब्द	father used for elders to show respect or love for youngsters
બાપૂડિયલ, બાપૂડુ	बापूडियु, बापूडु	वि	1 જુઓ 'બાપડુ' 2 વહાલુ	देखिए 'બાપડુ' प्रिय	see 'બાપડુ' dear
બાપો	बापो	पु	જુઓ 'બાપ'	देखिए 'બાપ'	see 'બાપ'
બાફ	बाफ	पु,स्त्री·	1 બફારો 2 પરસેવો 3 વરાળ	उमस पसीना भाप	sweltering heat sweat, perspiration vapour, steam
બેરગ, બેરગી	बेरग, बेरगी	वि·	1 ઊડી કે બગડી ગયેલા રગવાળુ	जिसका रग उड गया हो या बिगड गया हो	of faded or spoilt colour
			2 (લા) અનિશ્ચિત મનનુ	(ला) अस्थिरचित्त	(fig) wavering
બેરાગી	बेरागी	वि·	બેરગી, બે રાગવાળુ, અનિશ્ચિત મનનુ	दो रग वाला, अनिश्चित मन का	having two colours or dual attachment, wavering

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
		पु	વેરાગી, બાવો	बैरागी, साधु बाबा	sadhu, ascetic
બેરિયું	बेरियु	न·	એક પક્ષી	एक पक्षी	kind of bird
બેરીજ	बेरीज	स्त्री	સરવાળો, સરવાળાની રકમ	जोड की कुल रकम	addition, sum, total
બેરોજગાર	बेरोजगार	वि·	રોજગાર વગરનુ	बेरोजगार	unemployed
બેરોજગારી	बेरोजगारी	स्त्री	રોજગારનો અભાવ, બેકારી	रोजगारी का अभाव	unemployment
બેરોનક	बेरोनक	वि	નિસ્તેજ	निस्तेज	pale, lifeless
બેલ	बेल	पु	1 બળદ 2 બે જણની જોડી કે તેમાનો એક-જોડીદાર, સાથી	बैल जोडा या जोडे में से एक साथी	bullock pair or any one of them
બેલગામ	बेलगाम	वि	નિરકુશ	निरकुश	uncontrolled, wild
બેલડી	बेलडी	स्त्री	જોડી	युगल	pair, set
બેલડું	बेलडु	वि	લડવાડિયુ	झगडालू	quarrelsome
બેલતેલ	बेलतेल	न	લાકડા ઉપર લગાવવાનુ એક તેલ	लकडी पर लगाने का एक तेल	linseed oil
બેલદાર	बेलदार	पु	1 કડિયાને મદદ કરનાર મજૂર 2 ચાચવાથી જમીન ખોદનારો	मिस्त्री को मदद करने वाला मजदूर जमीन खोदने वाला मजदूर	labourer assisting mason labourer for digging work
બેલાશક	बेलाशक	अ	સકોચ રાખ્યા વિના	नि सकोच	unhesitatingly, without fear
બેલિફ	बेलिफ	पु	અદાલતના હુકમ બજાવનાર સિપાઇ	अदालत के हुक्मों की तामील करने वाला सिपाही	bailiff

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બેલી	बेली	पु	ધણી, મુરબ્બી, સહાયતા કરનાર	पूज्य, सहायक	master, elder, patron
		स्त्री	સોનીનુ એક ઓજાર	सुनार का एक औजार	goldsmith's tool
બેલુ	बेलु	न	1 પૂણીનુ જોડકુ	पूनी का जोडा	pair of yarn
			2 જોડકુ	युगल	pair, twin
			3 ધોળો રેતાળ પથ્થર	सफेद रेतीला पत्थर	white, sandy stone
બેવકર, બેવક્કર	बेवकर, बेवक्कर	वि	ભાર-બોજ વિનાનુ	भारहीन, बिना बोझ का	having no burden
બેવકૂફ	बेवकूफ	वि	મૂર્ખ	मूर्ख	foolish
બેવખત	बेवखत	अ	અયોગ્ય વખતે, કવખતે	अयोग्य समय पर	untimely, at improper time
બેવચની	बेवचनी	वि	બોલીને ફરી જનાર	बोलकर मुकरने वाला	going back upon one's word, not being true to one's word
બેવડ	बेवड	वि	બેવડેલુ હોય તેવુ	दोहरा	two fold, having double fold
		स्त्री	બેવડુ પડ	दोहरी पर्त	two layers, two fold
બેવડાવવુ	बेवडाववु	अ क्रि·	બેવડુ કે બમણુ થવુ	दोहरा या दुगुना होना	to be double-fold
બેવડિયું	बेवडियु	वि	1 બે પડવાળુ	दो परतों का	having two layers
			2 બેવડા બાધાનુ	दोहरी गठन का	of stout build

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બેવડુ	बेवडु	वि	1. બે પડવાળુ	दोहरा, दोपरता	having two layers or folds
			2 બમણુ	दुगुना	double
બેવફા	बेवफा	वि·	નિમકહરામ, બેઇમાન	नमकहराम, बेईमान	faithless, dishonest
બેવફાઇ	बेवफाई	स्त्री	બેવફાપણુ	बेईमानी, नमकहरामी	faithlessness
બેવારસ	बेवारस	वि·	નવારસુ, વારસ વગરનુ	लावारिस	heirless
બેશ	बेश	वि	સારુ, ખાસુ, મજેનુ	अच्छा–खासा, मजेदार	good, fine, abundant
બેશક	बेशक	अ	શક વગર	बेशक, निसदेह	undoubtedly, certainly
બેશરમ	बेशरम	वि	નિર્લજ્જ	निर्लज्ज	shameless, brazen
બેશરમી	बेशरमी	स्त्री·	નિર્લજ્જતા	निर्लज्जता	shamelessness
બેશુદ્ધ	बेशुद्ध	वि	બેભાન	बेहोश	unconscious
બેશુદ્ધિ	बेशुद्धि	स्त्री	મૂર્છા	बेहोशी	unconsciousness
બેશુમાર	बेशुमार	वि	સુમાર વગરનુ, બેહદ	अगणित, बेहद	limitless, excessive
બેસઊઠ	बेसऊठ	स्त्री	1. બેસવુ ઊઠવુ તે	बैठना–उठना	sitting down and rising
			2 મૈત્રી સબધ (લા)	मैत्री सबध (ला)	(fig) friendship
બેસડામણ, બેસડામણી	बेसडामण, बेसडामणी	न , स्त्री	બેસાડવાની-જડાવવાની કિંમત	बैठाने की, जडने की कीमत	charges for setting
બેસણી	बेसणी	स्त्री	1. જેના ઉપર વસ્તુ ચપટ બેસીને સ્થિર રહે છે તે ભાગ	जिसके ऊपर वस्तु स्थिर रहे ऐसा हिस्सा, बैठक	bottom of a thing, stand

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 બેઠક, આસન	बैठक, आसन	seat
બેસણુ	वेसणु	न	1 બેસણી, બેઠક	पैंदा, बैठक	seat
			2 બેસવાની રીત	बैठने का ढग	manner of sitting
			3 ઉઠમણુ	मातमपुरसी के लिये जाना	meeting of mourners
બેસતમ	वेसतम	वि	પુષ્કળ	पृथुल, पुष्कल	abundant, plenty
બેસતી	वेसती	स्त्री	ગાઢ મૈત્રી	गहरी दोस्ती	close friendship
બેસતું	वेसतु	वि·	1 'બેસવુ' નુ વ કૃ	'બેસવુ' का व कृ·	pre part of 'બેસવુ'
			2 ગોઠતુ આવતુ	अपनी जगह पर बैठता हुआ	suitable
			3 નવુ શરૂ થતુ	नया प्रारभ होता हुआ	newly beginning
			4 બરોબર હોય એવુ, માફકસરનુ	जो उचित हो	proper
બેસબૂર	वेसबूर	वि	અધીરુ	अधीर	impatient
બેસબૂરી	बेसवूरी	स्त्री·	અધીરાઈ	अधैर्य	impatience
બેસમજ	वेसमज	वि	સમજ વગરનુ	नासमझ	senseless
બેસર	वेसर	वि	અડધી કાળી અને અડધી રેતાળ (જમીન)	आधी काली और आधी रेतीली जमीन	(of soil) black and sandy
બેસવુ	वेसवु	अ क्रि·	1 આસન માડવુ (ઊભા હોય કે સૂતા હોય, તેમાથી)	आसीन होना (खडे हों या सोये हुए हों)	to sit
			2 નીચે આવવુ, ઊતરવુ	नीचे आना, गिरना (दाम)	to come down
			3 બધબેસતુ આવવુ	ठीक बैठना	(of garment) to fit

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4. શરૂ થવુ	प्रारभ होना (वर्ष)	to begin, to set in
			5 આવવુ	लगना (फल–फूल)	to blossom, (of fruits) to spring up
			6. કિંમત લાગવી, મૂલ પડવુ	कीमत या दाम लगना	to cost
			7 ચોટવુ, લાગવુ	चुभना, लगना (दाग)	to stick, to touch
			8. પેસી જવુ, વાગવુ	धँसना, बैठना	to injure, to cut, to wound
			9 શરુ થવુ (કાર્ય વગેરે)	शुरु होना (कार्य आदि)	to begin, tó start
			10 અર્થ સમજાવો, રીત પ્રમાણે ગોઠવાવુ	अर्थ समझाना, रीत्यनुसार बैठाना	to be understood, to be arranged properly
			11 વળવુ, સ્થિર થવુ	सधना, मँजना	to become steady or pliable
			12 કામકાજ વિના પડી રહેવુ	बेकार बैठा रहना	to be idle or without work
			13 જાડુ-ખોખરુ થવુ	आवाज भारी होना	(of voice) to become hoarse
			14 રાહ જોવી, ખોટી થવું	राह देखना	to wait, to be delayed
			15 કસ કે તીક્ષ્ણતા દૂર થવા	कस या पैनापन दूर होना	to loose strength
			16 આધાર વિનાનુ–તેજ વિનાનુ થઇ જવુ, ભાગી પડવુ	आश्रयहीन होना, डूबना, उजडना	to be supportless or be ruined
			17 વ્યાપવુ, જામવુ	फैलना, जमना	to spread, be established

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બેસાડવુ	बेसाडवु	स क्रि	1 બેસે તેમ કરવુ	बैठाना	to make sit
			2 બેસતુ આવે તેમ કરવુ, જડવુ	अपनी जगह पर स्थित करना	to fix, to set
			3 પૂરી દેવુ	बधन में डाल देना	to shut up, to confine
			4 નાખવુ, ઠરાવવુ	लगाना, मत्थे मढना	to impose, to decide
			5 વ્યાપી-જામી જાય તેમ કરવુ	व्याप्त हो जाय ऐसा करना	to establish
બેસારવુ	बेसारवु	स क्रि	જુઓ 'બેસાડવુ'	देखिए 'બેસાડવુ'	see 'બેસાડવુ'
બેસાવુ	बेसावु	अ क्रि	બેસવાની ક્રિયા થવી, બેસી શકાવુ	बैठा जाना	imperson of 'બેસવુ'
બેસૂરુ	बेसूरु	वि	ખોટા કે ખરાબ સૂરનુ, બસૂરુ	खोटे या खराब स्वर का	discordant, unharmonious, out of tune
બેસ્વાદ	बेस्वाद	वि	સ્વાદ વગરનુ કે ખરાબ યા બગડેલા સ્વાદનુ	स्वादरहित या बिगडे स्वाद का	tasteless, having bad taste
બેહક,	बेहक,	वि	હક વગરનુ	बिना अधिकार का	having no right
બેહક્ક	बेहक्क	अ	હક વગર, અકારણ	नाहक, अकारण	without right or cause
બેહદ	बेहद	वि	હદ વગરનુ	बेहद	limitless, excessive
બેહાલ	बेहाल	वि	ભૂંડી હાલતમા આવી પડેલુ	जिसका बुरा हाल हो	reduced to miserable condition
		पु	દુર્દશા	दुर्दशा	misery, miserable condition
બેહાલી	बेहाली	स्त्री	ખરાબ સ્થિતિ, દુર્દશા	बुरी हालत, दुर्दशा	miserable condition

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બેહૂદી	बेहूदी	स्त्री	બેહૂદાપણુ	बेहूदापन, अनौचित्य	absurdity
બેહૂદું	बेहूदु	वि	બેવકૂફી ભરેલુ, નકામુ, અઘટિત	बेहूदा, निकम्मा, बेवकूफी से भरा	absurd, useless, improper
બેહોશ	बेहोश	वि॰	બેભાન, બેશુદ્ધ	बेहोश, अचेत	unconscious
બેળ	बेळ	स्त्री॰	બેડ, ચૂલા ઉપરનો છૂટો ભાગ	चूल्हे के ऊपर का खुला भाग	detachable part of hearth
બેળે બેળે	बेळेबेळे	अ	મહામુશ્કેલીએ, પરાણે	अत्यत कठिनाई से	with great difficulty forcibly
બેંક	बॅंक	स्त्री॰	બેન્ક, શરાફી કામ કરતી પેઢી કે મડળ	बैंक	bank
બૈયર	बेयर	स्त्री	જુઓ 'બૈરી'	देखिए 'બૈરી'	see 'બૈરી'
બૈરક	बैरक	वि॰	બૈરા જેવુ	स्त्रैण	womanly, effeminate
બૈરી	बैरी	स्त्री	1 સ્ત્રી 2 પત્ની, વહુ	औरत, स्त्री पत्नी, बहू	woman wife
બૈરું	बैरु	न॰	બૈરી	औरत, पत्नी	woman, wife
બો	बो	स्त्री	1 બૂ, ગધ, વાસ 2 અભિમાન 3 બીડો ઇ બાધવામા વપરાતી એક જાતની દોરી, 'ટ્વાઇન', બોદોરી	गध, बू अभिमान पुलिदा आदि बॉधने की एक प्रकार की डोरी	stench, smell pride twine
બોઇ	बोई	स्त्री॰	એક માછલી	एक मछली	kind of fish
બોકડી	बोकडी	स्त्री॰	બકરી	बकरी	she-goat

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બોકડુ	बोकडु	पु	બકરો	बकरा	he-goat
બોકી	बोकी	स्त्री	બચ્ચી	चुबन	kiss
બોખ	बोख	स्त्री	1 પાણી કાઢવાની ચામડાની ડોલ	पानी निकालने का चमडे का डोल	leather bucket for drawing water
			2 ભગદાળુ, મોટો ખાડો	बहुत बडी दरार का खोखला, बडा गड्ढा	big hole or pit
બોખલુ	बोखलु	वि·	દાંત પડી ગયા હોય તેવુ	जिसके दॉत गिर गये हों, पोपला	toothless
		न	ચાટ પડી જવુ—બનવુ તે (લા)	अपने आप ही मूर्ख बनना	(fig) being made fool of
બોગદુ	बोगदु	न	1 ભગદાળુ 2 ભોયરુ, 'ટનલ' (રેલવેનુ)	बडी लबी दरार सुरग, 'टनेल'	big hole tunnel
બોઘરણુ	बोघरणु	न	પહોળામોંની વટલોઇ	चौडे मुँह की बटलोई	metal vessel having broad mouth
બોઘરો	बोघरो	पु	મોટો સાવરણો	बडा झाडू	big broom
બોઘલું, બોઘું	बोघलु, बोघु	वि	ઓલિયુ, મૂર્ખ	गावदी, मूर्ख	simple, innocent, foolish
બોચલો	बोचलो	पु	1 વાળની કિનારીવાળી બાળકોની ટોપી	बालों की किनारी वाली बालकों की टोपी	children's cap with fringe made of hair
			2 પીઠ સુધી પહોચે તેવી છોકરીઓની ટોપી	पीठ तक आने वाली लडकियों की टोपी	kind of cap worn by girls
			3 અંબોડો	जूडा	top-knot, kind of hair-do

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બોચિયુ	बोचियु	न	1. વાસની હલકી ટોપલી	बॉस की हल्की टोकरी, छबडा	light basket of bamboo
			2. (લા.) ઢીલો માણસ	(ला.) सुस्त आदमी	(fig.) slow, sluggish person
બોચી	बोची	स्त्री	ગરદન	गरदन	neck
બોજ	बोज	पु	1. ભાર	भार, बोझ	weight, burden
			2. મોભો	प्रतिष्ठा	status, dignity
			3. પોત, કુમાશ	बुनतर	texture
બોજો	बोजो	पु·	1. ભાર	वजन, बोझा	burden, load
			2. જવાબદારી, જોખમ	जिम्मेदारी, जोखिम	responsibility, risk
બોટ	बोट	स्त्री	1. હોડી, મછવો	नाव, डोंगी	boat
			2. સ્ટીમર	स्टीमर	steamer
		न	જુઓ 'અબોટ'	देखिए 'અબોટ'	see 'અબોટ'
બોટણી	बोटणी	स्त्री	1. સ્તનની ડીંટડી	स्तन की चूची	nipple or teat of woman's breast
			2. ડીંટડીના આકારની ચૂસણી	चूची के आकार की धावनी	nipple of nursing bottle
બોટવુ	बोटवु	स क्रि	1. ખાઇને કે પીને કે સ્પર્શ વગેરેથી એઠુ કરવુ, હીન કરવુ અભડાવવુ	जूठा कर देना, छूकर अपवित्र करना, जुठारना	to pollute or defile by eating or drinking
			2. રોકવુ, પહેલેથી કબજો કરવો	पहले से घेरकर कब्जा करना	to prevent, to take possession from the beginning
બોટિયુ	बोटियु	न	જુઓ 'અબોટિયુ', મુગટો	देखिए 'અબોટિયુ'	see 'અબોટિયુ', silk dhoti worn at the time of dining or during worship

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બોટી	बोटी	स्त्री·	1 માસનો નાનો ટુકડો 2 રૂવુ	मॉस का टुकडा बालों का अश	piece of flesh short and soft hair on body
બોડ	बोड	स्त्री	બખોલ, ગુફા (પશુએ કરેલી)	गुफा (पशुनिर्मित)	den, lair
બોડકી	बोडकी	स्त्री	બોડી, વિધવા (તુચ્છકારમા)	मुँडित सिर की, विधवा (तिरस्कार में)	(contempt) bald-headed, widow
બોડકુ	बोडकु	वि	જુઓ 'બોડુ'	देखिए 'બોડુ'	see 'બોડુ'
બોડવુ	बोडवु	स क्रि	મૂડવુ	मूँडना	to shave
બોડિયો કલાર	बोडियो कलार	पु	એક વનસ્પતિ, કલાર	एक वनस्पति	kind of plant
બોડી	बोडी	स्त्री	જુઓ 'બોડકી'	देखिए 'બોડકી'	see 'બોડકી'
બોડી અજમો	बोडी अजमो	पु	એક વનસ્પતિ	एक वनस्पति	kind of plant
બોડી બામણી	बोडी बामणी	स्त्री	જુઓ 'બામણી'	देखिए 'બામણી'	see 'બામણી'
બોડુ	बोडु	वि	1 માથે વાળ વિનાનુ 2 ઉઘાડુ, ખુલ્લુ, સાફ (માથુ, ખેતર, મથાળા વગરનો અક્ષર, લૂટી લીધેલો માણસ વ)	जिसके सिर पर बाल न हो खुला, साफ, मुँडा (सिर ,खेत, अक्षर, लूटा हुआ आदमी आदि)	bald bare, open, clean (head, field, letter, man robbed of etc)
બોણવુ	बोणवु	स क्रि	1 બોણી કરાવવી, કમાણી કરાવવી 2 ગાળ દેવી	बोहनी कराना गाली देना	to be first in buying to abuse
બોણી	बोणी	स्त्री	1 પહેલો વકરો 2 બેસતા વર્ષની બક્ષિસ 3 ઠપકો, ગાળ	प्रथम लाभ नये साल की नेग उपालभ, गाली	first profit gift on the new year-day scolding, abuse
બોત	बोत	पु·	બાઘો, મૂર્ખ	बौडम, मूर्ख	dunce, fool

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બોતડો	बोतडो	पु·	નાનુ ઊટ	ऊँट का बच्चा	small camel, young one of camel
બોતાન, બોતાનું	बोतान, बोतानु	न·	1 પાઘડીની અદરનો ગાભો	पगडी के अदर का तहपेच	crumpled cloth or rags used in making up turban
			2 કલક, આળ	कलक, आक्षेप	stigma, stain
બોતેર, બોત્તેર	बोतेर, बोत्तेर	वि	' ૭૨ '	बहत्तर, '72'	seventy-two, '72'
બોથડ	बोथड	वि·	1 જડ, ઠોઠ 2 સુસ્ત	जड, ठोट सुस्त	dull, stupid lethargic
બોદલું	बोदलु	वि·	જુઓ 'બોદુ'	देखिए 'બોદુ'	see 'બોદુ'
બોદાવુ	बोदावु	अ·क्रि·	1 પાણી પીને તર થવુ	पानी पीकर तर होना	to be drenched or soaked with water
			2 પાણીથી કોવાઈ બગડી જવુ	पानी से सडकर बिगड जाना	to be soaked with water and rot or decompose
બોદુ	बोदु	वि	1 બોદાઈ ગયેલુ 2 ખોખરુ 3 ઢીલુ, કાચુ	पानी से बिगडा हुआ खोखला ढीला, कच्चा	deformed hoarse, dull soft, unripe
		न·	તડવાળુ કે બરાબર નહીં પકવેલુ માટીનુ વાસણ	दरार वाला, ठीक से न पकायी हुई मिट्टी का बरतन	cracked or not well-burnt (vessel)
બોધ	बोध	पु·	1 ઉપદેશ	उपदेश	teaching, sermon
			2 જ્ઞાન 3 ગાજો	ज्ञान गाँजा	knowledge hashish
બોધપત્ર	बोधपत्र	न	માહિતી આપનારી ચોપડી	विवरणिका	prospectus

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બોધપાઠ	बोधपाठ	पु	1. પદાર્થપાઠ	प्रत्यक्ष पदार्थ के द्वारा बोध	object-lesson
			2 નમુના તરીકેનો પાઠ	नमूने के रूप में दिया हुआ पाठ	model-lesson
			3 શિખામણ, ધડો	नसीहत, सीख	advice, admonition
બોધવચન	बोधवचन	न	શિખામણનુ વચન	सीख के वचन	word of advice
બોધવુ	बोधवु	स क्रि	ઉપદેશ આપવો, સમજાવવુ	उपदेश देना, शिक्षा देना	to preach, to teach
બોબડી	बोबडी	स्त्री	બોલતી, જીભ	जीभ	tongue
બોબડુ	बोबडु	वि	તોતડુ	तोतला, हकलाने वाला	stammering
બૉમ્બ, બૉમ્બગોળા	बॉम्ब, बॉम्बगोळा	पु	જુઓ 'બોબ'	देखिए 'બોબ'	see 'બોબ'
બૉમ્બર	बॉम्बर	न	જુઓ 'બોબર'	देखिए 'બોબર'	see 'બોબર'
બૉયકોટ	बॉयकोट	पु	બહિષ્કાર	बहिष्कार	boycott
બોયુ	बोयु	न·	1. જેમાથી ભીંડા થાય છે તે છોડનો (ભીંડા ઉતારી લીધેલો) સાઠો	जिसमें से भिंडी होती है उस पौधे की सॉठ	stalk of plant bearing lady's fingers
			2 પાણીમાના ખરાબાની ચેતવણી આપવા માટે દરિયામા તરતો રાખેલો લોઢાનો ગોળો	पानी की खराबी की सूचना – चेतावनी देने के लिए सागर में तैरता रखा हुआ लोहे का गोला	buoy
બોર	बोर	न	1. બોરડીનુ ફળ	बेर	fruit of jujube tree
			2 સ્ત્રીઓનુ ઘરેણુ	स्त्रियों का गहना	kind of ornament for women

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બોરકૂટો	बोरकूटो	पु	કચ્ચરઘાણ, પાયમાલી	बरबादी, विनाश	destruction by being crushed, utter ruin
બોરડી	बोरडी	स्त्री·	બોરનુ ઝાડ	बेर का पेड	jujube tree
બોરમાળા	बोरमाळा	स्त्री	બોર જેવા મણકાની માળા—એક ઘરેણુ	बेर जैसे मनके की माला का एक गहना	necklace of beads like jujube fruit
બોરસલ્લી, બોરસળી	बोरसल्ली, बोरसळी	स्त्री	એક ફૂલ ઝાડ	मौलसिरी	kind of tree bearing flower and fruit
બોરિયુ	बोरियु	न	1 બટન	घुडी, बटन	button
			2 એક છોડ, તેનુ ફૂલ	बकुल का फूल	kind of plant or its flower
			3 એક ઘરેણુ	एक गहना	kind of ornament
બોલ	बोल	पु·	1 શબ્દ, વચન	शब्द, वचन	word promise
			2 કડી, તૂક	कडी, पद्याश	stanza, couplet
			3 (લા) મહેણુ	(ला) ताना	(fig) taunt
બોલકણુ, બોલકુ	बोलकणु, बोलकु	वि	1 વાચાળ, વાતોડિયુ	बातूनी, वाक्पटु	talkative
			2 લડકણુ	झगडालू	quarrelsome
બોલચાલ	बोलचाल	स्त्री·	1 બોલવુ ચાલવુ તે, વાતચીતનો વહેવાર, મેળાપ	बातचीत का सबध	acquaintance, inter-course
			2 તકરાર	तकरार, टटा	quarrel
			3 સાટુ, કરાર	कौल, करार	agreement
બોલછા	बोलछा	स्त्री	બોલવાની ઢબ	बोलने का ढग	manner of speaking
બોલતી	बोलती	स्त्री·	જીભ	जीभ	tongue
બોલપટ	बोलपट	न	બોલતુ ચિત્રપટ—સિનેમા	बोलता हुआ चलचित्र	cinema, movie

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
બોલબાલા	बोलबाला	स्त्री	ચલણ કે ચડતી કળા હોવી તે, ફતેહ	बढ़ती–चढ़ती, बोलबाला	ascendancy, success
બોલવુ	बोलवु	स· क्रि	1 વાચા ફૂટવી, ઓચરવું	बोलना, आवाज़ निकालना	to speak
			2 કહેવુ, વાત કરવી	कहना, बात करना	to tell
			3 વઢવુ, ગુસ્સો કે અણગમો બતાવવા કહેવુ	डाँटना, गुस्सा या नाखुशी बताने के लिए कहना	to scold, to show anger or dislike in speech
			4 કજિયો કરવો, વઢવાડ કરતા બોલવુ	झगड़ा करना, झगड़ा करते हुए बोलना	to quarrel
બોલબોલા	बोलबोला	स्त्री·	સામસામે બોલવુ તે, તકરાર	तकरार, झगड़ा	angry exchange of words, quarrel
બોલાચાલી	बोलाचाली	स्त्री	1 તકરાર	तकरार	quarrel
			2 બોલવા ચાલવાનો સબધ-દોસ્તી	बातचीत का सबध, दोस्ती	familiarity
બોલાબોલ	बोलाबोल	स्त्री·	જુઓ 'બોલબોલા'	देखिए 'બોલબોલા'	see 'બોલબોલા'
બોલી	बोली	स्त्री	1 ભાષા કે ગૌણ ભાષા જે બોલવામા જ ચાલતી હોય	भाषा या गौण भाषा, बोलचाल की भाषा, बोली	dialect
			2 મહેણુ	ताना	taunt
			3 કબૂલાત	कबूलियत	confession
બોલીચાલી	बोलीचाली	स्त्री	બોલવા ચાલવાની રીતભાત	बातचीत की रीत-भात	manners, social behaviour
બોવુ	बोवु	स क्रि	1 વાવવુ	बोआई करना	sow
			2 ગુમાવવુ	खो देना	to lose
બોળ	बोळ	पु	1 એક જાતનો ગુદર	एक प्रकार का गोंद	kind of gum
			2 દાણાનો કચરો	दाने का कचरा	dust of corn
		स्त्री	એક છોડ	एक पौधा	kind of plant

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
બોળવું	बोळवु	स क्रि	1 પ્રવાહીમા ડુબાવવુ	तरल पदार्थ में डूबाना	to dip or to soak in liquid
			2 (લા) ડૂલ કરવુ, ગુમાવવુ, વાગસાડવુ	(ला) गँवाना, नाश करना	(fig) to destroy, to lose, to spoil
બોળાવાડો	बोळावाडो	पु	ભ્રષ્ટતા, વટાળ, અડાઅડ	भ्रष्टता, अशुचिता	defilement, pollution
બોંબ, બોંબગોળો	बोंब, बोंबगोळो	पु	દારૂગોળાનુ એક હિંસક અસ્ત્ર	बमगोला, एक अस्त्र	bomb
બોંબમારો	बोंबमारो	पु	બોંબથી મારો ચલાવવો તે, બોંબ મારવા તે	बमवर्षा करना	bombardment
બોંબર	बोंबर	न	બોંબ નાખવા વપરાતુ લડાયક વિમાન	बम गिराने का लडाकू हवाई जहाज	bomber
બ્યાન	ब्यान	न	વર્ણન	बयान, वर्णन	description
બ્યૂગલ	ब्यूगल	न	એક વિલાયતી રણવાદ્ય	एक विलायती रण-वाद्य, बिगुल	bugle
બ્યાશી, બ્યાસી	ब्याशी, ब्यासी	वि	' ૮૨ '	बयासी, '82'	eighty-two '82'
બ્રાહ્મણ	ब्राह्मण	पु	1 હિંદુઓની ચાર વર્ણોમાની પહેલી વર્ણનો માણસ	हिन्दुओं के चार वर्णो में से पहले वर्ण का आदमी	Brahmin, one of the four classes of Hindu society
			2 મત્રોનો જુદા જુદા કર્મોમા વિનિયોગ જણાવનારો વેદનો ભાગ	मत्रों के विभिन्न कर्मों का विनियोग बताने वाला वेद का भाग	portion of the Vedas giving rules for the use of hymns to be sung at various occasions
બ્રાહ્મણી	ब्राह्मणी	स्त्री	1 બ્રાહ્મણ સ્ત્રી	ब्राह्मण स्त्री	Brahmin woman
			2 બ્રાહ્મણનુ, —ને લગતુ	ब्राह्मण का, –से सबधित	of or pertaining to a Brahmin

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
ભકભક	भकभक	अ	1 ભગભગ	भक-भक की आवाज के साथ	making such noise
			2 ભભક્તુ હોય એમ	जोर से रह रहकर वेग से भभकते हुए	as if burning with flames with great force
ભક્કાબોલુ	भक्काबोलु	वि	આખાબોલુ	स्पष्टवक्ता	frank, open-minded
ભક્ત	भक्त	वि	1 જુદુ પડેલુ કે પાડેલુ	विभक्त या विभाजित	separated
			2 ભાગેલુ	बँटा हुआ	divided
			3 — ના પર આશક — ની ભક્તિવાળુ	पर आशिक, को भजने वाला	devoted
			4 ભક્તિ કરનારુ, ભજનારુ	भक्ति करने वाला	worshipping
		पु	તેવો આદમી, ભગત	उपासक, भक्त	devotee
ભક્તિ	भक्ति	स्त्री	1 ભજવુ તે, ભજન	भजना, भजन	worship, prayer
			2 પ્રેમ, આદર	प्रेम, श्रद्धा	love, adoration
			3. નવની સંજ્ઞા (ભક્તિના નવ પ્રકાર પરથી : શ્રવણ, કીર્તન, પાદસેવન, અર્ચન, વદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન)	नौ की सज्ञा (भक्ति के नौ-भेद - श्रवण, कीर्तन, पादसेवन, अर्चन, वदन, दास्य, सख्य, आत्मनिवेदन)	the sign of nine (signifying nine ways of devotion)
ભક્તિકાવ્ય	भक्तिकाव्य	न·	ભક્તિરસર્નુ કાવ્ય, ભજન, 'સામ'	भक्तिभाव का काव्य, भजन	psalm, hymn
ભક્તિભીનુ	भक्तिभीनु	वि	ખૂબ ભક્તિવાળુ	बहुत भाविक	devout
ભક્ષવુ	भक्षवु	स क्रि·	ખાવુ	आहार करना, खाना	to eat
ભખવુ	भखवु	स क्रि	1 ભક્ષવુ, ખાવુ	भक्षण करना	to eat
			2 કહેવુ	कहना	to say, to tell
			3 બકવુ	बकना	to prattle

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
ભગત	भगत	वि·,पु	ભજન કરનાર	भजन करने वाला	devotee, worshipper
ભગત માણસ	भगत माणस	पु	સીધો સાદો અને ઇશ્વરથી ડરીને ચાલનારો માણસ	सीधा–सादा और ईश्वर से डरकर चलने वाला इन्सान	simple, God-fearing man
ભગતડુ	भगतडु	वि,न·	ભગત (તિરસ્કારમા)	भक्त (तिरस्कार में)	(contempt) devotee
ભગતાઇ	भगताई	स्त्री	1. ભક્તિ	भक्ति	devotion, worship
			2. ભગત હોવાપણુ	भक्त होना	being a devotee
ભગતાણી	भगताणी	स्त्री	જુઓ 'ભક્તાણી'	देखिए 'ભક્તાણી'	see 'ભક્તાણી'
ભગદળ, ભગદાળુ	भगदळ, भगदाळु	न·	મોટુ બાકોરુ	बडा सूराख	large hole
ભગભગ	भगभग	अ	1. એવા અવાજ સાથે	'भगभग' अवाज के साथ	making such sound
			2. જોરથી	जोर से	forcefully
ભગરુ	भगरु	वि·	1. ભભરુ	भुरभुरा	whitish
			2. છૂટુ, ચીકાશ-વાક વગરનુ	छूट्टा, न चिपकने वाला	tending to separate, without stickiness
			3 બરડ	जल्दी टूट जाने वाला	brittle
			4 ઊડી ગયેલા રગનુ	काषाय, उडे हुए रग का	having faded colour
ભગવવુ	भगववु		જુઓ 'ભગાવવુ'	देखिए 'ભગાવવુ'	see 'ભગાવવુ'
ભગવત	भगवत	वि	શ્રીમત, ભગવાળુ	श्रीमत	rich, prosperous
		पु	1. તેવો માણસ	ऐसा आदमी	rich man
			2. ઇશ્વર	ईश्वर	God

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભગવાન	भगवान	वि·,पु	જુઓ 'ભગવત'	देखिए 'ભગવત'	see 'ભગવત'
ભગવાનના ઘરનુ માણસ, ભગવાનનુ માણસ	भगवानना घरनु माणस, भगवाननु माणस	पु	ભલુ ઓલિયુ માણસ	भला इन्सान	simple, good man
ભગવુ	भगवु		ગેરુવા રંગનુ	गेरुए रंग का	of red-ochre colour
ભગદર	भगदर		1 ગુદાની પાસે છિદ્ર-વ્રણ થવાનો એક રોગ	गुदा के पास छिद्र पर होने वाला एक रोग	fistula
			2 બાકુ	छेद	hole
ભગાડવું	भगाडवु	स क्रि	1 નસાડવુ	भगाना	to cause to run away
			2 છેતરી, ભોળવીને લઈ જવુ કે મૂળ સ્થળ તજાવવુ	ठगकर या बहकाकर ले जाना या असल स्थान छुडाना	to abduct, make away with
ભગાવવુ	भगाववु	स·क्रि	'ભાગવુ' નુ પ્રેરક	'ભાગવુ'का प्रेरणार्थक रूप	caus of 'ભાગવુ'
ભગાવુ	भगावु	अ क्रि·	'ભાગવુ' નુ કર્મણિ	'ભાગવુ'का कर्मणि रूप	passive of 'ભાગવુ'
ભગુવો	भगुवो	वि , पु·	સન્યાસી (પ)	सन्यासी (प·)	ascetic
ભચ, ભચભચ	भच, भचभच	अ	ભોંકવા-ભોકાવાનો કે અથડાવાનો રવ	चुभना या चुभने की या टकराने की आवाज से	with piercing or thrusting sound
ભચકવુ	भचकवु	अ क्रि	પછાડવુ	प्रहार होना	to be struck or to be dashed against
ભચકાવવુ	भचकाववु	स क्रि	1 ભચ દઈને ખોસી દેવુ	गच से भीतर घुसाना	to pierce or thrust
			2 અથડાવવુ	टकराना	to cause to dash (against something)

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભચકાવુ	भचकावु	अ क्रि	ભટકવુ, રખડવુ, અથડાવુ, ટલ્લા ખાવા	भटकना, व्यर्थ घूमना	to wander, to run about fruitlessly
ભચડ, ભચડભચડ	भचड, भचडभचड	अ	ચાવવાના કે કચડાવાના અવાજથી	चबाने या कचरने की आवाज से	with chewing or crushing sound
ભચડભચડા, ભચડાભચડી	भचडभचडा, भचडाभचडी	स्त्री	ખૂબ ભચડાવુ તે, સખત ભીડ	साँस लेनी भी मुश्किल हो जाये ऐसी सख्त भीड	pressing hard against one another, heavy crowding
ભચોભચ, ભચોભચ્ચ	भचोभच, भचोभच्च	अ	1 ભચ ભચ	भच भच की आवाज से	piercingly
			2 ઉપરાઉપરી	बार बार	repeatedly
ભચ્ચ	भच्च	अ·	જુઓ 'ભચ'	देखिए 'ભચ'	see 'ભચ'
ભજન	भजन	न	1 નામસ્મરણ, ભક્તિ	नामस्मरण, भक्ति	worship, prayer
			2 ભક્તિનુ ગીત	भक्ति का गीत	hymn
ભજવવુ	भजववु	स क्रि	નાટક કરવુ, તેનો ખેલ કરી દેખાડવો, વેશ કાઢી બતાવવો	नाटक खेलना, उसका रूप भरना, अभिनय करके दिखाना	to present a play, act
ભજવુ	भजवु	स·क्रि	1 ભજન કરવુ	भजन करना	to worship
			2 જપવુ	जपना	to tell the beads
			3 સેવવુ	सेवा करना	to adore
			4 લાચ આપવી, ઉદા તેને કઈક ભજ્યુ કે શુ?	घूस देना–उदा उसे कुछ दिया अथवा नहीं ?	to bribe
			5 પહેરવુ, ધારણ કરવુ (વસ્ત્રાભૂષણ), ઉદા 'મણિમુકુટ ભજે ભગવાન'	पहनना, धारण करना (वस्त्राभूषण)	to put on
		अ क्रि	શોભવુ, ઉદા 'વર્ણથી ચપક ભજ્યું'	शोभा देना	to look handsome

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભજિયુ	भजियु	न	તળીને કરેલી એક વાની	पकोडे	kind of fried dish
ભટ	भट	पु	1 યોદ્ધો	योद्धा	warrior
			2 પડિત	पडित	pundit, scholar
			3 ભિક્ષુક બ્રાહ્મણ	भिक्षुक, ब्राह्मण	mendicant
			4 રસોઇયો	रसोई बनाने वाला	cook
			5 બ્રાહ્મણની એક અટક	ब्राह्मण का एक जातिनाम	a Brahmin surname
		अ·	1 તરત જ	तुरत ही	immediately
			2 અથડાય તેમ	टकराते हुए	in a manner causing to dash
			3 ધિક્કાર છે!	तुझे धिक्कार है ।	fie ! shame !
ભટકણ, ભટકણુ	भटकण, भटकणु	वि	ભટકનારુ, રખડેલ	भटकने वाला	wandering, given to wandering
ભટકવુ	भटकवु	अ क्रि	1 રખડવુ	भटकना	to roam, to wander
			2 કાઇ તાક્યા કરવુ	कुछ देखते रहना	to go on aiming
ભટકાવુ	भटकावु	अ क्रि	1 અથડાવુ	टकराना	to collide
			2 આડે આવવુ	बीच में आना	to come in the way, to obstruct
			3 ભટકવુ, રખડવુ	भटकना, व्यर्थ घूमना	to wander
			4 (લા) અણધાર્યું મળવુ	(ला·) अकस्मात मिल जाना	to meet accidentally
			5. લડાઇ કે કજીયો થવો	लडाई या झगडा होना	to quarrel
ભટકા, ભટકિયા	भटका, भटकिया	न·	1 વલખા	व्यर्थ कोशिश	vain efforts
			2 ફેરાઆટા	चक्कर काटना	fruitless wandering
ભટજી	भटजी	पु	(માનાર્થે કે વ્યગમા) ભટ્ટ	(मानार्थ अथवा व्यग में) भट्ट	(respect or iron) learned man

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભટાઇ	भटाई	स्त्री	જુઓ 'ભાટાઇ'	देखिए 'ભાટાઇ'	see 'ભાટાઇ'
ભટાણી	भटाणी	स्त्री	જુઓ 'ભટ્ટિની'	देखिए 'ભટ્ટિની'	see 'ભટ્ટિની'
ભટૂરિયું, ભટોળિયું	भटूरियु, भटोळियु	न	કૂતરાનુ બચ્ચુ	कुत्ते का पिल्ला	pup
ભટ્ટ	भट्ट	पु॰	1 વિદ્વાન બ્રાહ્મણ, ભટ	विद्वान ब्राह्मण, भट	learned Brahmin
			2 બ્રાહ્મણી એક અટક	ब्राह्मण की एक अल्ल	a Brahmin surname
ભટ્ટિની	भट्टिनी	स्त्री॰	1 રાણી	रानी	queen
			2 શેઠાણી	शेठ की स्त्री	boss's wife
			3 ભટ્ટની સ્ત્રી	भट्ट की स्त्री	wife of 'ભટ્ટ'
ભટ્ટો	भट्टो	पु	1 ગોળ દડા જેવી જાતનુ વેગણ	गोल गेंद के आकार का बैंगन	a variety of brinjal
			2 બ્રાહ્મણ (તિરસ્કારમા)	ब्राह्मण (तिरस्कार में)	(contempt) Brahmin
ભઠ, ભઠ્ઠ	भठ, भठ्ठ	अ	1 ધિક્	धिक्	fie !
			2 ઝટ	फट से	quickly
ભઠિયારખાનું	भठियारखानु	न	1 રસોડુ	रसोई घर	kitchen
			2 રસોડાનુ કામકાજ	रसोई का कामकाज	work of the kitchen
ભઠિયારી, ભઠિયારણ	भठियारी, भठियारण	स्त्री॰	1 ભઠિયારુ કરનારી સ્ત્રી	भठियारे का पेशा करने वाली स्त्री	female baker
			2 ભઠિયારાની સ્ત્રી	भठियारे की स्त्री	baker's wife
ભઠિયારું	भठियारु	न	1 ભઠિયારાનુ - રાધવાનુ કામ	रसोई का काम	baking, cooking
			2 (લા) રસોડુ	(ला) रसोईघर	(fig) kitchen
ભઠિયારો	भठियारो	पु	1 ભઠ્ઠી શેકનારો	भाडभूँजा	baker
			2 રાધનારો	खाना पकाने वाला	cook
ભઠ્ઠી	भठ्ठी	स्त्री	1 નીચેથી આચ કે પવન દઇ શકાય એવો	नीचे की ओर से आँच या हवा दे	oven, furnace

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			થાપી કરીને કરેલો ચૂલો (જેમ કે, ભાડભૂજાની, હલવાઇની, લુહારની, ધોબીની)	सकें ऐसा मिट्टी का चूल्हा (जैसे-भाडभूँजे का, हलवाई का, लोहार का, धोबी का)	
			2 ચૂનો, ઇંટ જેવું પકવવાની રચના	भट्ठा	kiln
			3 દારૂ ગાળવાનું ફૂડ	शराब ओसाने का स्थान	distillery, brewery
			4 ભઠ્ઠી પર રાખેલું વાસણ અને તેમાંની વસ્તુ (જેમ કે, વૈદની, ધાતુ વગેરે મારવા માટે)	भट्ठी पर रखा हुआ बरतन या उसमें की चीज (जैसे-वैद्य की धातु आदि मारने के लिए)	vessel placed on or in an oven
ભઠ્ઠો	भठ्ठो	पु·	મોટી ભઠ્ઠી	बडी भट्ठी	big kiln, big oven
ભડ	भड	वि·	1 બળવાન	शक्तिशाली	strong
			2 સમૃદ્ધિવાન	समृद्धिशाली	prosperous
		पु	1 યોદ્ધો	योद्धा	warrior
			2 શ્રીમંત	श्रीमत	rich person
ભડક	भडक	स्त्री·	ચમક, બીક, ડર	भडक, चौंक, डर	startling fear
ભડકણ, ભડકણુ	भडकण, भडकणु	वि·	બીકણ, ચમકનારું	डरपोक, भड़कीला	startled, frightened
ભડકવુ	भडकवु	अ क्रि·	ચમકવું, ઓચિંતુ ડરવું	चौंकना, यकायक डर जाना	to shy, to be startled
ભડકિયુ	भडकियु	वि·	1 ભડકે બળે તેવું	ज्वाला में जले ऐसा	inflammable
			2 ભડકે એવું, ભડકણ	भडक जाने वाला	shy, prone to shying
		न·	1 ગંધક અને ઘીનો ચૂવો	गधक और घी का चूर्ण	ointment got by burning sulphur and ghee

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 દર્શાનિયુ	बच्चों एव स्त्रियों की कमर पर बाँधने का साधन	wrist-band worn by children and women
ભડકી	भडकी	स्त्री	રાબડી કે કાંજી જેવી એક વાની	फीकी राब या कॉजी जैसी एक खाद्य चीज	porridge made of roughly ground flour
ભડકું	भडकु	न	1 ઘટ રાબ જેવી એક વાની, ભેરડકુ	उबाली हुई गाढी चीज या एक बानगी	kind of porridge
			2 અગ્નિનો ભભૂકો	आग का भभकना	blaze, blast
			3 ઝાળ, લાય	झॉय, शोला, लपट	flame
ભડકો	भडको	पु	1 અગ્નિનો ભભૂકો	आग का शोला	blaze
			2 ઝાળ, લાય	शोला, लपट	flame
ભડ્ત	भडत	न॰	ભડથાવીને તૈયાર કરેલુ શાક (રીંગણ)	बैंगन का भुरता	sauce made of roasted brinjals
ભડભડ	भडभड	अ	1 એવા અવાજથી	भड-भड आवाज के साथ	with sound as of wood burning
			2 જોરથી, ઝટ	जोर से, झट से	violently, quickly
ભડભડવુ	भडभडवु	अ क्रि	1 વગર વિચાર્યું બોલવુ	बिना सोचे बोलना	to speak thoughtlessly
			2 ભડભડ સળગવુ	धॉय-धॉय करके जलना, भडकना	to catch fire suddenly
			3 ભભડવુ, ખાવાનુ મન થવુ	खाने की इच्छा होना	to feel like eating
ભડભડાટ	भडभडाट	पु॰	1 ભડભડવુ તે	धॉय-धॉय जलना	blazing up
			2 ભડભડ એવો અવાજ	भड-भड की आवाज	burning sound
		अ	એવા અવાજથી	ऐसी आवाज के साथ	with burning or rattling sound

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભડભડિયુ	भडभडियु	वि·	મનમા જે હોય તે કહી દેનારુ, ગુપ્ત ન રાખી શકે એવુ	मन में जो हो वह कह डालने वाला, जो कुछ भी गुप्त न रख सके	who speaks impulsively, who cannot keep secret
ભડવાઈ	भडवाई	स्त्री·	'ભડવો' મા જુઓ	देखिए 'ભડવો'	see 'ભડવો'
ભડવીર	भडवीर	पु·	બહાદુર યોદ્ધો	बहादुर योद्धा	brave warrior
ભડવુ	भडवु	अ·क्रि·	ઝૂઝવુ, લડવુ	जूझना, लडना	to fight bravely
ભડવો	भडवो	पु·	1 પોતાની સ્ત્રીના વ્યભિચાર ઉપર જીવનાર	अपनी स्त्री के व्यभिचार पर जीविका चलाने वाला	man living on the adultery of his wife
			2 વેશ્યાનો સાથી	वेश्या का साथी	companion of prostitute
			3 સ્ત્રીવશ પતિ	जोरू का गुलाम	hen-pecked husband
ભડસાળ	भडसाळ	स्त्री·	ચૂલા કે સગડીનો ઊની રાખવાળો ભાગ	चूल्हे या अगीठी का गरम राख वाला भाग	part of fire place with hot ashes
ભડાક	भडाक	पु·	1 ધડાકો	धडाका	crash, explosion
			2 બદૂક ફૂટવાનો અવાજ	बदूक के फूटने की आवाज	report of gun
			3 ગપગોળા	गप्पी	rumour-monger
ભડાકો	भडाको	पु·	1 ધડાકો	धड़ाका	loud noise, crash
			2 બદૂક ફૂટવાનો અવાજ	बदूक के फूटने की आवाज	boom of a fire-arm
			3. ગપગોળો	गप	gossip
ભડાભડ	भडाभड	अ·	1 એવા અવાજ સાથે	भडाभड आवाज के साथ	with a rattling sound
			2 એકદમ	एकदम	quickly
ભડાભૂટ	भडाभूट	स्त्री·,न·	1 ધાધલ	धाँधल	confusion, commotion

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 વેરણછેરણ	तितर-बितर	being scattered all over
ભડું	भडु	न	1 ઘરની આગલી દીવાલ	घर के आगे के दरवाजे के अगल–बगल की दीवार	front wall of house
			2 પડદા તરીકે કરાતી પાતળી દીવાલ	आड के लिए बनाई गई पतली दीवार	thin wall serving as partition
ભડોભડ	भडोभड	अ	જુઓ 'ભડાભડ'	देखिए 'ભડાભડ'	see 'ભડાભડ'
ભણકાર, ભણકારો, ભણકો	भणकार, भणकारो, भणको	पु	કશાના અવાજની આગાહી કે ગુંજારવ	किसी चीज की आवाज की गूँज या आगाही	impression of a sound, echo
ભણતર	भणतर	न॰	ભણેલું તે, શિક્ષણ	शिक्षा, पढाई	learning, education
ભણભણવું	भणभणवु	अ क्रि॰	ભણભણ એવો અવાજ થવો	'भणभण' ऐसी आवाज होना	to cause sound as of humming
ભણવું	भणवु	स क्रि	1 શીખવું 2 બોલવું, કહેવું, ઉદા. 'ભણે નરસૈંયો' 3 વાચવો	सीखना कहना, बोलना पढना	to learn to speak, to tell to read
ભણાવવું	भणाववु	स॰क्रि	1 શીખવવું 2 પાઠ કરાવવો, ઉચ્ચારાવવું	सिखाना पाठ करवाना या उच्चारण कराना	to teach to make (somebody) utter
ભણી	भणी	अ	તરફ, બાજુએ	तरफ, ओर	to, towards
ભત્તુ	भत्तु	न	1 ભાતું કે તે બદલ અપાતા પૈસા	काम के एवज में दिये जाने वाले पैसे, भत्ता	allowance
			2 ખાસ કામ માટે પગાર ઉપરાંત અપાતું મહેનતાણું	खास काम के लिए वेतन के अतिरिक्त दी जानेवाली बँधी रकम या असल	additional pay for special work

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભત્રીજો	भत्रीजो	पु·	ભાઇનો કે પતિપત્નીના ભાઇનો દીકરો	भाई का या पति या पत्नी के भाई का वेटा, भतीजा	nephew
ભત્રીજાવહુ	भत्रीजावहु	स्त्री·	ભત્રીજાની વહુ	भतीजे की स्त्री/ पत्नी	nephew's wife
ભત્રીજાજમાઇ	भत्रीजाजमाई	पु·	ભત્રીજીનો વર	भतीजी का पति	niece's husband
ભત્રીજી	भत्रीजी	स्त्री·	ભાઇની કે પતિપત્નીના ભાઇની દીકરી	भाई की वेटी, पति या पत्नी के भाई की वेटी, भतीजी	niece
ભથવારું	भथवारु	वि·	ભાતુ લઇ જનાર(માણસ)	खेत में छाक-कलेवा ले जाने वाला (आदमी)	(man) carrying tiffin
ભથવારી	भथवारी	स्त्री·	ભાતુ લઇ જનારી સ્ત્રી	खेत में छाक-कलेवा ले जाने वाली (स्त्री)	woman carrying tiffin
ભદવું	भदवु	न·	નાનો માટીનો ઘડો, ઢોચકુ	मिट्टी का घडा	small water-pot
ભપકાદાર, ભપકાબંધ	भपकादार, भपकाबध	वि·	રોફવાળું, આડંબરવાળુ, ભભકાવાળું	चमक-दमक वाला, आडबर युक्त	audacious, pompous
ભપકી	भपकी	स्त्री·	(પતંગના પેચમાં) એકદમ દોરની છૂટ મૂકવી	(पतग में) एकदम डोर को छोडना	releasing thread freely (in the event of entanglement of one's kite with another's)
ભપકો	भपको	पु·	1 ધમકી 2 આડંબર, ઠાઠ, રોફ 3 (પતંગને મારવામા આવતો)આચકો	धमकी आडबर, ठाठ, रोव (पतग को दिया जाने वाला) झटका	threat pomp, show push (given to a kite while flying)

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अग्रेज़ी पर्याय
ભભક	भभक	स्त्री	ચળકાટ, ઝળક	चमक, भडक	shine, lustre, show
ભભકવું	भभकवु	अ क्रि	1 ભભૂકા મારવા	चमक मारना	to shine, to glitter
			2 શોભવુ	शोभा देना	to look beautiful
			3 ગુસ્સે થવું	गुस्से होना	to get angry
ભભકાદાર, ભભકાબંધ	भभकादार, भभकाबध	वि·	જુઓ 'ભપકાદાર'	देखिए 'ભપકાદાર'	see 'ભપકાદાર'
ભભકો	भभको	पु·	જુઓ 'ભપકો'	देखिए 'ભપકો'	see 'ભપકો'
ભભડવું	भभडवु	अ क्रि·	1 ખાઉ ખાઉ થવુ	खाने की इच्छा होना	to have continuous craving for food
			2 મોટો સાદ કાઢવો	ऊँची आवाज निकालना	to give loud cry
ભભડાટ	भभडाट	पु	ભભડવુ તે	खाने की तीव्र इच्छा होना	feeling of continuous hunger
ભભરાવવુ	भभराववु	स क्रि	ભૂકો છૂટો છૂટો નાખવો	चूरा आदि छिडकना, भुरभुराना	to sprinkle, to strew
ભભરુ	भभरु	वि	વેરાઇ જાય એવુ, ભૂગરુ	जो चूर्णरूप बन जाय, भुरभुरा	liable to be scattered over
ભભુકાવવું	भभुकाववु	स क्रि	'ભભૂકવુ' નુ પ્રેરક	'ભભૂકવુ' का प्रेरक	caus of 'ભભૂકવુ'
ભભૂકવુ	भभूकवु	अ क्रि	ભભૂકો થવો	भभकना, जल उठना	to blaze, to go up in flames
ભભૂકો	भभूको	पु	1 ભડકો	शोला	blaze, flame
			2 પ્રકાશ	प्रकाश	brightness
			3 (લા) ભારે તીખટ	(ला) तडतडाट	(fig) pungency
ભમ	भम	न	જાડાપણાનુ કે પોલાપણાનુ	मोटेपन या पोलेपन की ज्यादा	word prefixed or suffixed to

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			વધારાપણુ બતાવવા શબ્દની આગળ કે પાછળ વપરાતો શબ્દ	मात्रा दिखाने के लिए शब्द के आगे या पीछे लगाया जाने वाला शब्द	show excess in hollowness or thickness
ભમર	भमर	स्त्री	1 ભ્રૂકુટી, ભવું	भृकुटि, भौं	brow
			2 વમળ	भँवर	whirlpool, eddy
		अ·	ગોળ ગોળ-ચક્કર ફરે તેમ	गोल-गोल, चक्कर के रूप में	moving round and round
		पु	ભમરો	भौंरा	wasp, bee
ભમરડી	भमरडी	स्त्री·	1 નાનો ભમરડો	छोट्टा लट्टू	small top
			2 ચકરડી	चकफेरी	whirligig
ભમરડો	भमरडो	पु·	1 એક રમકડુ-ગરિયો	लट्टू	top
			2 એક ફળ	एक प्रकार का फल	kind of fruit
			3 (લા)કાંઈ નહિ	(ला) कुछ नहीं, शून्य	(fig.) nothing, zero
ભમરાળી	भमराळी	स्त्री	એક માખી	एक मक्खी	kind of fly
ભમરાળું	भमराळु	वि	1 સુંદર ભમ્મરવાળુ	सुदर भौं वाला	having beautiful eyebrow
			2 દુર્ભાગી, અમગળ	दुर्भागी, अमगल	inauspicious, unfortunate
			3. ભમર ભમર ફરતાં ચક્રોવાળુ-ભીષણ	गोल-गोल चक्कर घूमने वाला, चक्रवाला, भीषण	with wheels moving round and round, terrific
ભમરિયું	भमरियु	वि·	1 ગોળ ગોળ ફરતું	गोल-गोल घूमता हुआ	going round and round
			2 ભમરીનુ, – ને લગતું	भ्रमरी, –से सबधित	of or about wasp
ભમરી	भमरी	स्त्री·	1 ભમરાની માદા, કરડે એવી એક માખી	भँवरे की मादा, काटने वाली एक मक्खी	female wasp, a stinging fly

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 ઘૂમરી, ચકરી	भँवर	vertigo
			3 માથાનુ એક ઘરેણુ	सिर का एक गहना	kind of ornament for head
ભમરો	भमरो	पु·	1 ભ્રમર	भ्रमर	wasp
			2 વમળ	भँवर	whirlpool
			3 વાળનુ ફૂડાળુ	चक्राकार उगे हुए बाल	coil or ring of hair
ભમરછાલ	भमरछाल	स्त्री·	એક વનસ્પતિ	एक प्रकार की वनस्पति	kind of plant
ભમવુ	भमवु	अ·क्रि·	1 ચકાકારે ફરવુ	चक्राकार घूमना	to move in a circle
			2 રખડવુ	बेकार घूमना	to wander, to roam
			3 તમ્મર આવવા	गश या चक्कर आना	to feel giddy
ભમાડવું	भमाडवु	स·क्रि·	1 'ભમવુ' નુ પ્રેરક	'ભમવુ' का प्रेरक रूप	caus. of 'ભમવુ'
			2 ભુલાવામા નાખવુ, છેતરવુ	भ्रम में डालना, भरमाना	to deceive, to cheat, to dupe
ભમ્મર	भम्मर	स्त्री·	ભવુ	भौंह	eyebrow
ભય	भय	पु·,न·	બીક	डर	fear, fright
ભર	भर	पु·	નામને અતે લાગતા 'તેના જેટલુ, તે બધુ– આખુ' એવો અર્થ થાય છે	नाम के अत में लगने वाले, 'उसके जितना', 'वह सब', 'सभी' ऐसा अर्थ होता है	suffix added to noun meaning 'that much', 'the whole of it'
		वि·	બરોબર જમેલુ, ભરપૂર, પરિપૂર્ણ	भरपूर जमा हुआ, परिपूर्ण	full, in the fullest state, to the uttermost
ભરકૂચ, ભરકૂશ,	भरकूच, भरकूश,	स्त्री	પરચૂરણ નકામી વસ્તુઓ કે છોકરા ને માણસોનો	फुटकल, बेकार चीजों, बच्चों या	heap of miscellaneous

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભરકૂસ	भरकूस		સમૂહ	मनुष्यों का समूह	and useless things or group of children and men
ભરખ	भरख	पु	ભક્ષ	शिकार	prey
ભરખવુ	भरखवु	स क्रि	1 ખાવુ	भक्षण करना	to eat, to devour
			2 કરડવુ	दाँतों से काटना	to bite
ભરચક, ભરચટ	भरचक, भरचट	वि	1 પુષ્કળ 2 ખીચોખીચ	बहुत, पूर्ण, पूरा खचाखच	plenty, abundant crowded, packed
ભરડવું	भरडवु	स·क्रि·	1 અનાજને જાડુ જાડુ દળવુ, બે ફાડ પડે એમ દળવુ	अनाज को मोटा पीसना, दलना, दरदराना	to grind coarsely
			2 ગમે તેમ બકવુ	अट सट बकना	to speak without any consideration
ભરડો	भरडो	पु·	1 ભરડેલુ તે	दला हुआ अन्न	coarsely ground grain
			2 ભરડાઇ જાય એમ આજુબાજુ જોરથી વીંટવુ—વીંટાવુ તે (અજગરનુ)	वह लपेट जिससे कोई चीज़ चूर-चूर हो जाए- (अजगर की लपेट)	coiling round prey (by python)
			3 છાપરાની વળીઓ કબજામા લેવાનો બધ	छप्पर के शहतीर को बाधने का साधन	cross-beam
			4. શેરડીમા થતો એક રોગ	गन्ने का एक प्रकार का रोग	a disease of sugar-cane
ભરઢોળ	भरढोळ	न·	1 નફોતોટો	हानि-लाभ	profit and loss
			2 આવકજાવક	आय-व्यय	income and expenditure
ભરણ	भरण	न·	1 ગુજરાન	गुजारा	maintenance

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 આખમા ખાપરિયુ ભરવુ તે	ऑख में एक विशेष दवा भरना	putting sulphate of zinc into eye
			3 જાદુગરનો ટુચકો	जादूगर का उपाय	magician's trick
ભરણી	भरणी	स्त्री	1 બીજુ નક્ષત્ર, ગાલ્લી	दूसरा नक्षत्र, छोटी बैलगाडी	second lunar mansion, cart
			2 ભરવુ તે	भरना	filling
			3 ઉમેરો	वृद्धि	addition
			4 (શાક) રાધવાનુ વાસણ	तरकारी पकाने का बर्तन	pot for cooking vegetables
ભરણું	भरणु	न	1 ભરણી, ઉમેરો, ભરવુ તે	भराई, वृद्धि	filling up, addition, adding
			2 ભરેલુ નાણુ	चुकाये हुए पैसे	money paid
			3 સગ્રહ	सग्रह	collection
			4 થાભલા અને ભાલ વચ્ચેનુ લાકડુ	स्तभ और छत के बीच की लकडी	piece of wood placed between pillar and beam
ભરત	भरत	न	1 માપ, પ્રમાણ	नाप, परिमाण	measurement proportion
			2 લૂગડા ઉપર વેલ, બુટ્ટા વગેરે ભરવી તે	कपडे पर बेल-बूटे निकालना	embroidery
			3 બીબામા રસ રેડી ઘાટ બનાવવો તે	सॉचे में रस डालकर ढालना	moulding, casting
			4 મસાલો ભરી કરેલુ શાક	मसाला भरकर बनायी हुई तरकारी	vegetables stuffed with spices etc
		पु	1 રામનો ભાઇ	राम का भाई	Rama's brother
			2 દુષ્યન્તનો પુત્ર-જેના પરથી ભારતદેશ કહેવાય છે	दुष्यत का पुत्र–जिस के नाम से भारत देश कहा जाता है	son of Dushyant, Bharat, after whose name India was known as Bharat

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			3 જડભરત	जड बुद्धि	dull, stupid person
			4 એક મુનિ, ભારતીય નાટ્યશાસ્ત્રના કર્તા	एक मुनि–भारतीय नाट्यशास्त्र के कर्ता	a sage of that name, the author of Indian dramaturgy
ભરતકામ	भरतकाम	न	ભરત ભરવુ તે	कशीदे का काम	embroidery
ભરતગૂથણ	भरतगूथण	न·	ભરતકામ અને ગૂથણકામ	कशीदे का और गूँथने का काम	embroidery and knitting
ભરતર, ભરતલ	भरतर, भरतल	वि·	ઢાળેલુ, ભરતનુ	ढाला हुआ	cast in mould, moulded
		न·	1 ભરત	कशीदा (धातु की चीज)	article made in mould
			2 માપ	नाप	measurement
ભરતાર	भरतार	पु	પતિ, ભર્તા	पति, भर्ता	husband
ભરતિયુ	भरतियु	न	1 માલની કિંમતની વિગતવાર યાદી, બિલ	सामान (माल) की कीमतों का ब्यौरा, बिल	invoice, bill
			2 કોઇમા માય તેટલુ માપ	किसी में समा सके ऐसा नाप	full contents of receptacle as unit of measure
			3 એક વાસણ	एक बर्तन	type of vessel
ભરતી	भरती	स्त्री·	1 ભરવુ કે ભરાવુ તે, ઉમેરણ	भरती, वृद्धि, बढ़ावा	filling or being filled up
			2 જુવાળ	ज्वार	tide
			3 પુષ્કળ, આવરો	बहुतायत	abundance
ભરથરી	भरथरी	पु	1 એકતારો વગાડી માગનાર જોગીની એક જાત	एकतारा बजाकर भिक्षा मागने वाले योगी	a caste of mendicants going round playing on one-stringed instrument

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 ભર્તૃહરિ રાજા	राजा भर्तृहरि	Bhartrihari, the king
ભરથાર	भरथार	पु	પતિ	पति	husband
ભરનીગળ	भरनीगळ	न·	1 ભરાવુ ને ઠલવાવુ તે	भरा जाना और रिक्त होना	filling and emptying
			2 ચડતીપડતી	चढाव-उतार	vicissitudes
			3 ગૂમડાનો એક રોગ	फोडे का एक रोग	kind of disease
ભરપટ્ટે	भरपट्टे	अ	જોઇએ તેટલુ, ખૂબ	बहुत अधिक, खूब	abundantly
ભરપાઇ	भरपाई	स्त्री	સપૂર્ણ પતાવટ (લેણ, ખાતુ, હુડી વગેરેની)	पूर्ण निबटारा (लेन-देन, बहीखाता, हुँडी)	complete settlement, full payment (of debt, account, bill etc)
ભરપૂર	भरपूर	वि·	1 પુષ્કળ	बहुत, अधिक	plentiful, much
			2 પૂરેપૂરુ ભરેલુ	पूरी तरह भरा हुआ	completely full
		अ·	પૂરેપૂરી રીતે	पूरी तरह से	fully, completely
ભરભરું	भरभरु	वि	1 કોરુ, ચીકટ વગરનુ	कोरा, जो चुपडा हुआ न हो	dry, without stickiness
			2 કરકરુ, કણદાર	दानेदार	granular
ભરભાખળુ	भरभाखळु	न·	મોંસૂઝણુ, પરોઢિયુ, મળસકુ	प्रभात, भोर	dawn, day-break
ભરમ	भरम	पु	1 ભ્રમ, ભ્રાંતિ, વહેમ	भ्रम, भ्राति, वहम	illusion, doubt
			2 ભેદ, રહસ્ય	भेद, भ्रम, रहस्य	secret, mystery
			3 કાઇક રહસ્ય હોવાનો ખ્યાલ કે માન્યતા	कोई रहस्य होने का ख्याल या मान्यता	erroneous conception
ભરમાર	भरमार	स्त्री·	ખૂબ હોવુ તે, અતિશય	अधिकता, बहुत होना	plentiness, abundance
ભરમાવુ	भरमावु	अ क्रि	1 છેતરાવુ	ठगा जाना	to be duped

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 વહેમાવુ, ભ્રાંતિમા પડવુ	वहम करना, भ्रांति में पडना	to be suspicious or deluded
ભરમી	भरमी	स्त्री	એક વનસ્પતિ	एक प्रकार की वनस्पति	kind of plant
ભરવવું	भरववु	स क्रि	1 ટગાડવુ, લટકાવવુ	लटकाना, टाँगना	to hang, to suspend
			2 જોડવુ, સાથે કરવુ	जोड देना, साथ कर देना	to join
			3 (લા) ભભેરણી કરવી	(ला) कान भरना	(fig) to mislead, to instigate by false reports
ભરવાડ	भरवाड	पु·	ઢોર રાખી ગુજરાન ચલાવનારી એક જાતનો માણસ	मवेशी पालकर गुजारा करने वाली एक जाति का आदमी	shepherd
ભરવુ	भरवु	स क्रि	1 ખાલી હોય તેમા મૂકવુ, રેડવુ, સંઘરવુ	खाली वस्तु में रखना, भरना	to fill, to store, to pour
			2 સઘરવુ (અનાજ)	सग्रह करना (अन्न)	to store (corn)
			3 ભરપાઇ કરવી	नुकसान पूर्ति करना	to pay up
			4 ફળરૂપે મળવુ, લણવુ	फल के रूप में मिलना	to reap fruit (of one's deeds)
			5 જમે કરાવવુ કે માગતા પેટે આપવુ	जमा कराना, पावना चुकाना	to pay in
			6 ટીપ કે ફાળામા આપવુ-લખાવવુ	चदा देना या लिखाना	to subscribe
			7 મેળવવુ-એકઠુ કરવુ-ભેગુ કરવું	एकत्रित करना, प्राप्त करना	to get, to collect, to gather
			8 ગૂથવુ	बुनना	to knit
			9 ભરતકામ કરવુ	बेलबूटे बनाना	to embroider
			10 માપવુ (માપિયા કે પટી વગેરેથી)	नापना (नाप साधन से)	to measure

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			11 પૂરવુ, ચોપડવું	रग पूरना, पोतना	to fill in, to apply, to paint
			12 પૂર્ણ - સમૃધ્ધ છતવાળુ કરવુ	समृद्ध या खुशहाल बनाना	to make prosperous
			13 લાદવુ, ગોઠવવુ	लादना, बोझ रखना	to load, to arrange
			14 ખાલી પદ કે નોકરી પર સ્થાપવુ, નીમવુ	पद पर नियुक्ति करना, रिक्त स्थान भरना	to appoint, to employ
			15 જુદા જુદા અર્થમા (આસુ, ડગલુ, દોરો, પાણી, પેટ, બચકુ, મો, દિવસ વગેરે સાથે)	अलग अलग अर्थों में (ऑसू, कदम, डोरा, पानी, पेट, दॉतों से काटना, मॅुह, दिवस आदि)	has different meanings in different contexts
ભરસાડ	भरसाड	स्त्री॰	જુઓ 'ભડસાળ'	देखिए 'ભડસાળ'	see 'ભડસાળ'
ભરાવ, ભરાવો	भराव, भरावो	पु॰	1 ભરાવુ—જમા થવુ તે, જથો, જમાવ	भरा जाना, जमा होना	being collected, stock, collection
			2 પૂર્ણતા, ભરપૂરતા	परिपूर्णता	completeness, abundance
ભરાવવુ	भराववु	स क्रि	'ભરવુ', 'ભરાવવુ' નુ પ્રેરક	'ભરવુ', 'ભરાવવુ'का प्रेरक रूप	caus. of 'ભરવુ', 'ભરાવવુ'
ભરાવુ	भरावु	अ क्रि	1 'ભરવુ' નુ કર્મણિ	'ભરવુ' का कर्मणि रूप	passive of 'ભરવુ'
			2 સતાવુ	दुबकना, छिपना	to hide
			3 તાવ દાખલ થવો, તપવુ	ज्वराक्रान्त होना	to have temperature
			4 થાકથી અકડાવુ	थकान से देह अकड़ जाना	to be stiff with fatigue
			5 પકડાવુ, ઝલાવુ	पकडना, उलझना	to get entangled or caught
			6 સપડાવુ, ફસાવુ	फॅसना, फॅसाना	to be trapped

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			7. વ્યાપવુ	व्याप्त होना	to be spread over
			8. પુરાવું, રૂઝ આવવી	घाव का भर जाना	to heal
			9 પુષ્ટ થવુ	पुष्ट होना	to be strong, to swell
			10. પૂરુ થવુ, અંત આવવો	पूर्ण होना, अत आना	to be over
			11. જામવુ, એકઠુ થવુ	लगना, इकट्ठा होना	to gather. assemble
ભરીપૂરી	भरीपूरी	अ·	પૂરેપૂરી રીતે	सपूर्ण रूप से	completely, fully
ભરુસો	भरुसो	पु·	વિશ્વાસ, ખાત્રી	एतबार, विश्वास, भरोसा	faith, trust
ભરોસાદાર, ભરોસાપાત્ર	भरोसादार, भरोसापात्र	वि·	વિશ્વાસપાત્ર, ભરોસાવાળું	विश्वसनीय	trustworthy
ભરોસો, ભરોંસો	भरोसो, भरोंसो	पु	જુઓ 'ભરૂસો'	देखिए 'ભરૂસો'	see 'ભરૂસો'
ભર્યુંભાદર્યું	भर्युभादर्यु	वि·	ખૂબ ભરેલુ, સમૃદ્ધ, આબાદ	भरा–पूरा, समृद्ध, आबाद	prosperous, full
ભલતું	भलतु	वि	1. ગમેતેવું, ઠામઠેકાણા વગરનુ	ठौर-ठिकाने विना	of indifferent quality, without rhyme or reason
			2 અચોક્કસ, અપ્રસ્તુત, ફાલતુ	अनिश्चित, अप्रस्तुत, फालतू	indefinite, irrelevant
ભલભલુ	भलभलु	वि	કંઇ કંઇ ભલાઇ કે મોટાઇ કે મહત્ત્વવાળુ, ભારે વજન વક્કરવાળું	कुछ-कुछ भलाई या बडप्पन या महत्व वाला, प्रतिष्ठित	having some kindness or greatness or importance or influence
ભલમનસાઇ	भलमनसाई	स्त्री·	ભલાઇ	भलाई, अच्छाई, सज्जनता	kindness, goodness

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભલા	भला	अ·	સબોધનનો ઉદ્ગાર	सबोधन का उद्गार	interjection used in addressing a person
ભલાઇ	भलाई	स्त्री·	1 સારાપણું, સુજનતા	अच्छाई, सुजनता	goodness, gentlemanliness
			2 નેકી, સાલસાઇ	नेकी, भलाई	goodness
ભલામણ, ભલામણી	भलामण, भलामणी	स्त्री·	1 સિફારશ	सिफारिश, प्रशसा होना	recommendation
			2 સોંપણ, ભળવણી	सौंपना, सुपुर्द करना	entrusting
ભલીવાર	भलीवार	पु·,स्त्री·	1 સત્ત્વ, સાર, બરકત	सत्व, सार, फायदा	substance, worth
			2 આવડત, હોશિયારી	होशियारी, ज्ञान, सूझ	skill, ability
ભલું	भलुं	वि·	1 સારુ 2 માયાળુ 3 સભ્ય 4 પ્રામાણિક	अच्छा स्नेही सभ्य ईमानदार	good kind gentle, civilized honest
ભલે	भले	अ·	ઠીક, સારુ, અસ્તુ	ठीक, बहुत अच्छा	well, good, alright
ભવ	भव	पु·	1 સસાર 2 જન્મ 3 જન્મારો 4 મહાદેવ	ससार जन्म जिदगी महादेव	the world birth life God Shiva
ભવાઇ	भवाई	स्त्री·	1 હલકા પ્રકારનુ એક જાતનુ નાટક	हलके प्रकार के नाटक का एक भेद, स्वाग	type of farcical drama
			2 (લા) ,ફજેતી	फजीहत (ला), बेइज्जती	(fig) fiasco

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભવાડો	भवाडो	पु	ફજેતો	फजीहत, बेइज्जती	fiasco
ભવાયો	भवायो	पु	1 ભવાઇનો નટ	स्वांग करने वाला नट	actor in a type of farcical drama
			2 (લા) નિર્લજ્જ કે ફજેતી કરે એવો માણસ	वह व्यक्ति जो बदनाम करे	(fig) shameless, impudent person
ભવિષ્ય	भविष्य	वि	આવતા કાળનુ	भविष्य	future
		न	1 નસીબ	भाग्य	fortune
			2 દોલત, વારસો	दौलत, विरासत	wealth, legacy
			3 ભવિષ્યકાળ	भविष्यकाल	future tense
ભવિષ્યકાલ, ભવિષ્યકાળ	भविष्यकाल, भविष्यकाळ	पु	1 આવનાર સમય	भविष्यकाल	the future
			2 (વ્યા) ક્રિયાનો એક કાળ	(व्या) क्रिया का एक काल	future tense
ભવિષ્યત્	भविष्यत्	वि	બનનારુ, ભવિષ્યનુ	होने वाला, भावी	of the future
ભવિષ્યવાદી	भविष्यवादी	पु	ભવિષ્ય કહેનાર	भविष्य कहने वाला	soothsayer
ભવિષ્યવેત્તા	भविष्यवेत्ता	पु·	ભવિષ્ય જાણનાર	भविष्य का ज्ञाता	one who knows the future
ભવુ	भवु	न	ભમ્મર	भौंह	eyebrow
ભવૈયો	भवैयो	पु	જુઓ 'ભવાયો'	देखिए 'ભવાયો'	see 'ભવાયો'
ભવોભવ	भवोभव	अ	ભવે ભવે, દરેક જન્મમા	जन्म-जन्म, प्रत्येक जन्म में	in every birth
ભશકો	भशको	पु·	ઇચ્છા, ભારે આતુરતા	इच्छा, तीव्र लालसा	desire, yearning
ભસકુ	भसकु	न·	વરસાદનુ નાનુ ઝાપટુ	अल्प समय की बारिश	light shower of rain
ભસવુ	भसवु	अ क्रि·	1 કૂતરાનુ બોલવુ	कुत्ते का भौंकना	to bark
			2 નકામો બકવાટ કરવો	व्यर्थ बकना	to talk senselessly

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
ભસ્મ	भस्म	स्त्री	1 રાખોડી 2 યજ્ઞની કે મંત્રેલી રાખ 3 ધાતુની વૈદકીય રાખ, માત્રા	भस्म यज्ञ या मंत्रित राख धातु की वैद्यकीय राख	ashes holy or charmed ashes very concentrated medicinal preparation
ભસ્મીભૂત	भस्मीभूत	वि·	ભસ્મ બનેલુ	जल कर राख हुआ	burnt, reduced to ashes
ભળકુડું, ભળકૂડું	भळकुडु, भळकूडु	वि·	ભોળુ, નિખાલસ	भोला, साफदिल	simple, frank
ભળતું	भळतु	वि·	1 ભળી જાય—મળતુ આવે એવુ 2 જુઓ 'ભલતુ'	जो हिल-मिल जाय, मिलनसार देखिए 'ભલતુ'	sociable see 'ભલતુ'
ભળભાખળું	भळभाखळु	न·	જુઓ 'ભરભાખળુ'	देखिए 'ભરભાખળુ'	see 'ભરભાખળુ'
ભળવુ	भळवु	अ क्रि	1 ભેગુ મળી જવુ 2 અમુકના જેવા હોવુ, મળતુ આવવુ 3 છોળવું, ધાવણ ઓકવુ (બાળકનુ)	मिश्रित होना मिलता-जुलता होना स्तनपान बाहर निकालना (बच्चे का)	to be mixed to resemble, to be like to vomit milk such as (of baby)
ભળામણ, ભળામણી	भळामण, भळामणी	स्त्री·	1 જુઓ 'ભલામણ' 2 ભળાવવુ તે, સોંપવુ તે, સોંપણ	देखिए 'ભલામણ' सौंपना, सुपुर्द करना	see 'ભલામણ' entrusting
ભળાવવું	भळाववु	स क्रि	1 ભલામણ કરવી 2 સોંપવુ 3 ઢોરને ગોવારામા હળતુ કરવુ	सिफारिश करना सौंपना मवेशियों को अन्य मवेशियों से मिलाना	to recommend to entrust to make cattle familiar with the herd
ભગ	भग	स्त्री·	1 ભાગ	भॉग	hemp, 'bhang

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		पु	2 તૂટવુ કે ભાગી પડવુ તે	टूटना, खडित होना	breaking, breaking down
			3 તોડવુ તે	तोडना	breaking
			4 નાશ	ध्वस, नाश	destruction
			5 વિઘ્ન	विघ्न, बाधा	obstacle, difficulty
			6. વાક, વળાક	वक्रता, टेढापन	curve
ભગડ	भगड	वि	ભાગનો વ્યસની	भाग का व्यसनी	addicted to hemp
ભગડખાનુ	भगडखानु	न	ભાગનુ પીઠુ	भाग ओसाने की जगह	shop where hemp is available
ભગી	भगी	वि	ભગડ	भगी	addicted to hemp
ભગાણ	भगाण	न	1 ભગ	भग	break, interruption
			2 તૂટ	फूट	breach
ભગાર	भगार	पु	ભાગેલા વાસણ કે બીજો સરસામાન	टूटे-फूटे बरतन या दूसरी रद्दी चीजें	scrap
ભગારો	भगारो	पु	ભગાર ખરીદી લેનાર	रद्दी चीजों को खरीदने वाला	dealer in scrap
ભગાવવુ	भगाववु	स क्रि	'ભાગવુ' નુ પ્રેરક	'ભાગવુ' का प्रेरक रूप	caus of 'ભાગવુ'
ભગાવુ	भगावु	अ क्रि	'ભાગવુ' નુ કર્મણિ	'ભાગવુ' का कर्मणि रूप	passive of 'ભાગવુ'
ભગિયો	भगियो	पु	બહોરવાનુ કામ કરનાર, એ જાતનો માણસ	मेहतर, जो झाडू लगाने का कार्य करता है	sweeper, scavenger
ભગિયણ	भगियण	स्त्री	ભગડી	भगी की स्त्री	female scavenger

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अग्रेज़ी पर्याय
ભંગી	भगी	वि·	ભગડ	भाग खाने वाला	addicted to hemp
		पु·	ભગિયો	झाड़ू-लगाने वाला, मेहतर	scavenger
		स्त्री	1 વ્યગ, વાચાની ચાતુરી	व्यग्य, वाक्य-वक्रता	irony, wit
			2 રીત, ઢબ	रीति, ढग	manner, method
			3 અગોનો મરોડ	अगों की वक्रता	bend of limbs
			4 પગથિયુ	सीढी	step, rung
ભડક	भडक	न·	1 ભોયરુ	तहखाना	cellar
			2 સ્ટીમરમા ફાળકાની ફરતે આવેલી ત્રીજા વર્ગના મુસાફરોની જગા	स्टीमर में तीसरे दर्जे के मुसाफिरों के बैठने के स्थान के इर्द-गिर्द की जगह	place for third class passengers in steamer
ભડાર	भडार	पु	1 ધનધાન્ય વગેરે ભરી રાખવાની જગ્યા	धान्य सग्रह करने की जगह	store-room
			2 ખજાનો, સગ્રહ	खजाना, सग्रह	treasure, collection
			3 વહાણના તૂતકની નીચેનો ભાગ	जहाज के डेक के नीचे की जगह	block under deck of steamer
			4 દુકાન, જેમ કે ખાદી ભડાર, સ્વદેશી ભડાર	दुकान, जैसे-खादी भडार, स्वदेशी भडार	shop
ભડારવુ	भडारवु	स क्रि	1 ભડારમા મૂકવુ	भडार में रखना	to store
			2 છુપાવવુ	छिपाना, गाडना	to conceal
ભડારિયુ	भडारियु	न	1 ભીતમા બારણાવાળો ગોખલો	दीवार में बनी हुई छोटी अलमारी	recess in wall with doors
			2 ગાડા નીચેની પેટી જેવી ગોઠવણ	गाडी के नीचे के हिस्से में पेटीनुमा रचना	box-like arrangement under cart
			3 ઘરમા ઓરડાની પાછળનો નાનો ખડ	घर में कमरे के पीछे की छोटी कोठरी	small room behind a larger one in a house

गुजराती शब्द	देवनागरी लिप्यतरण	व्या· को·	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
ભંડારી	भंडारी	पु	1 ખજાનચી	खजानची	treasurer
			2 કોઠારી	कोठारी	store-keeper
			3 એક અટક	एक जातिनाम	a surname
